# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૯



શુદ્ધાત્મવૈભવવિલાસી
ધર્મરત્ન ભગવતી માતા
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

## ૧૦૬મી
## જન્મજયંતી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● આત્મા અને દેહ જુદા છે એવા ભેદજ્ઞાનથી ઉત્પન્ન થતાં આનંદથી જે પરિપૂર્ણ છે તે જ્ઞાની (બાર પ્રકારના) તપ પડે, પૂર્વના ભયાનક પાપકર્મના ફળરૂપ દુઃખને વેદતાં છતાં ખેદ પામતા નથી. ૧૭૪૯.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગિણી, અધ્યાય-૧૪, ગાથા-૩૮)

● દુર્નિવાર દૈવના પ્રભાવથી કોઈ પ્રિય મનુષ્યનું મરણ થઈ જાય તો અહીં શોક કરવામાં આવે છે તે અંધારામાં નૃત્ય શરૂ કરવા બરાબર છે. સંસારમાં બધી વસ્તુઓ નાશ પામે છે—એમ ઉત્તમ બુદ્ધિ દ્વારા જાણીને સમસ્ત દુઃખોની પરંપરાનો નાશ કરનાર ધર્મનું સદા આરાધન કરો. ૧૭૫૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક-૯)

● શરીરકી અનુમોદના ઐસી કહી ગઈ હૈ જિસસે પર પર્યાયકો આત્મા કહા જાતા હૈ, પરકી વૃદ્ધિકો આત્માકી વૃદ્ધિ કહી જાતી હૈ, યહ મિથ્યાજ્ઞાન નરકકે દુઃખોંકા બીજ હૈ. ૧૭૫૧. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક—૧૪૪)

● સર્વ સંત મુનિજન પંચપરમગુરુસ્વરૂપ અનુભવને કરે છે, માટે મહાન જનો જે પંથને પકડી પાર ગયા એ જ અવિનાશી પુરનો પંથ જ્ઞાનીજનોએ પકડવો તે અનંત કલ્યાણનું મૂળ છે. ૧૭૫૨. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું—૯૧)

● સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ઔર સમ્યક્તપ યે ચાર આરાધના હૈં, યે ભી આત્મામેં હી ચેષ્ટારૂપ હૈં, યે ચારોં આત્માહીકી અવસ્થા હૈં, ઈસલિયે આચાર્ય કહતે હૈં કિ મેરે આત્માહીકા શરણ હૈં. ૧૭૫૩.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ, ગાથા—૧૦૫)

● જુઓ ! ભીલ અથવા વ્યાઘ્રાદિના ભયથી ભાગતી ચમરી ગાયની પૂંછ દૈવયોગથી કોઈ વાડ-વેલાદિમાં ગૂંચાઈ જાય છે ત્યારે તે મૂઢ ગાય પોતાની પૂંછના અત્યંત રાગે ત્યાં જ ઊભી રહે છે. ત્યાં તેની પાછળ પડેલો વનચર શિકારી તેને પ્રાણ રહિત કરે છે. તેમ જગતમાં ઈન્દ્રિય-વિષયાદિ તૃષાતુર જીવોને બહુધા એ જ રીતે વિપત્તિઓ પ્રાપ્ત થાય છે. ૧૭૫૪. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૨૩

● ક્રોધમેં ક્રોધકો પટકકર ઔર માનમેં માન કષાય ડાલકર, પરિગ્રહમેં પરિગ્રહકો છોડકર, અપને આત્માકે આધિન જો અતીન્દ્રિય સુખ હૈ ઉસકા લાભ પ્રાપ્ત કર. ૧૭૫૫. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૯૧)

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

વર્ષ–૧૩
અંક–૧૨

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત ૨૦૭૫
August A.D. 2019

ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના

# હૃદયોદ્ગાર

✍ ગમે તેવા પ્રસંગો વચ્ચે શાંતિ તે શ્રેયભૂત છે. બીજો કોઈ ઉપાય નથી. આકુળતા ઉલટું નુકશાનનું કારણ થશે. પૂર્વના પોતાના જ પરિણામનું ફળ છે. એમ જાણી શાંતિ રાખવી, ભાવના ભાવવી, આત્મરુચિ વધારવી, તે પોતાની સ્વતંત્રતાની વાત છે, તેને બહારના સંયોગો રોકી શકે તેમ નથી.

✍ દુઃખના સમયે આર્તધ્યાનના ભાવ ઓછા કરીને શાંતિ રાખવી. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. બહારમાં પોતાનું ધાર્યું બનતું નથી. માટે દેવ-શાસ્ત્ર-ગુરુને યાદ કરવા. દેવ-શાસ્ત્ર-ગુરુને યાદ કરતા પોતાનું દુઃખ ઓછું થઈ જાય છે.

✍ કેટલા પુણ્ય કર્યા હોય ત્યારે આ મનુષ્ય ભવ મળે છે, તેમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ મળવા મહા મુશ્કેલ છે, આ બધું મળ્યું તો હવે આત્માની રુચિ પ્રગટ કરવી, મનુષ્ય જીવન કેમ સફળ થાય તે જીવનમાં કરવા જેવું છે.

✍ અનાદિનો અભ્યાસ છે એટલે બીજા વિચારો આવી જાય છે. તેને પ્રયત્ન કરીને ફેરવી નાખવાં, ભૂલી જવાય તો ફરીને યાદ કરવું, જ્ઞાયકના વિચાર કરવાં. આત્માર્થીએ અમુક ટાઈમ પોતાના સ્વહિતના વિચાર, ચિંતવન માટે લેવો તેવો નિયમ રાખવો.

✍ અનાદિનો વિભાવનો પ્રવાહ ચાલે છે, એટલે પોતાની તરફ પરિણતિનો પલટો કરવો તે બહુ મુશ્કેલ પડે છે. વારંવાર પુરુષાર્થ કર્યા કરે, તેને છોડે નહીં, થાક લાગે નહીં, તો તેમાં કોઈવાર તીખો પુરુષાર્થ થવાનો પ્રસંગ બનતાં આત્મપ્રાપ્તિ થાય છે.

✍ આમને આમ અનંતકાળ ચાલ્યો ગયો તો આ મનુષ્ય દેહ જતાં શી વાર લાગશે ?

છતાં પણ આંખ ક્યાં ઉઘડે છે ? ધર્મ ધર્મ પોકારવું છે, પુરુષાર્થ કાંઈ કરવો નથી. બેઠા બેઠા કોઈ સમકિત આપે તો લેવું છે !

✍ અનંતકાળથી અનંતી વેદના સહી છતાં કંટાળો કાં ન આવે ? ધ્રુજારી કાં ન છૂટે ? સત્યની તાલાવેલી કાં ન જાગે ? સંસારમાં એકાંત દુઃખ કાં ન લાગે ? હજુ સંસારમાં એકાંત દુઃખ આ જીવને લાગ્યું જ નથી. નહીંતર સંસાર પાછળ આટલો બધો ન મરી પડે.

✍ જેમ બને તેમ સંસાર પ્રીતિ ઓછી કરવી, તેમ કર્યા વિના છૂટકો નથી, તેમ કર્યા વિના આ પર્યટનનો કિનારો આવવાનો નથી, જો આપણે ખરેખરા આ પર્યટનથી થાક્યા હોઈએ ''હવે ઘણી થઈ'' એમ લાગતું હોય, ને વિશ્રાંતિ લેવા ઈચ્છતા હોઈએ તો પુરુષાર્થ કર્યા વિના, તાલાવેલી જગાડ્યા વિના, ઉદાસીનતાં વિના અને વૈરાગ્યની ધારા વિના ત્રણ કાળમાં આત્મસ્વરૂપને પામવાનાં નથી.

✍ જગતમાં પુણ્ય-પાપનાં ઉદયો તો બનતા રહે છે. ચોથા કાળમાં પણ જ્ઞાની ધર્માત્માઓને પાપનાં ઉદયો આવે છે. ત્યારે આ તો પંચમકાળ છે, પોતે હિંમત રાખીને આત્માનું શરણ લેવું. પુરુષાર્થ કરી મનને ધર્મમાં લગાવવું એ જ મનુષ્ય જીવનમાં કરવા જેવું છે.

✍ એટલું તો પોતાને લાગે છે ને ? કે બહારમાં કાંઈ સારભૂત નથી, સુખ દેખાતું નથી. આ બધું ગમે તેટલું કરીએ તો પણ સંતોષ આવતો નથી, તૃપ્તિ થતી નથી. સુખ સ્વરૂપ વસ્તુ (પોતાનો આત્મા) અંતરમાં છે, બહારમાં સંતોષ નથી આવતો અને જે સુખનું ધામ છે તે પ્રગટ થાય પછી બીજી ઈચ્છા જ નથી થતી, એવી કોઈ વસ્તુ અંતરમાં છે, સુખનું ધામ પોતાનો આત્મા છે તેવો વિશ્વાસ કર.

✍ તારાથી આત્મપ્રાપ્તિનો તીખો પુરુષાર્થ ન બની શકે તો શ્રદ્ધા તો બરાબર કરજે કે, મારે હજી ઘણું કરવાનું બાકી છે એમ માનીશ તો તને અંદરથી પુરુષાર્થ કરવાનો અવકાશ રહેશે. પણ શુભભાવ કરી તું એમ માનીશ કે મેં ઘણું કર્યું તો આગળ જવાનો અવકાશ નહીં રહે.

✍ પોતે અંદરથી આ કરવું જ છે, આ કર્યે જ છૂટકો છે, એવા ઊંડા દૃઢ સંસ્કાર નાખે તો ભાવિમાં કાર્યકારી થયા વગર રહે જ નહીં. જેને ઊંડી રુચિ થઈ તેને કાળ મર્યાદિત થઈ જાય છે. સંસાર પરિત થઈ જાય છે.

✍ પોતે અંદરથી ખટક રાખીને વાંચન કરવાનો ટાઈમ ગોતી લેવો. કામ એવા ન હોવા જોઈએ કે પોતાને વિચાર–વાંચનમાં ડખલ થાય. એટલા બધા કામ ન હોય કે

વાંચવાનો કે વિચારવાનો ટાઈમ ન મળે. જો તેવું હોય તો પોતે કામને ઓછા કરીને નિવૃત્તિ મળે એવું કરવું જોઈએ.

✍ સ્વરૂપ ગ્રહણની ઉગ્રતા જોઈએ. ક્યાંય ચેન ન પડે, વિકલ્પની જાળમાં પણ ચેન ન પડે, ક્યાંય સુખ લાગે નહીં. એટલી અંતરમાં ઉગ્રતા હોવી જોઈએ. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરે છે તેને સહજ આનંદ અંતરમાંથી પ્રગટે છે.

✍ પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે પોતાના પરિણામ જે થાય છે તે કરવામાં પોતે સ્વતંત્ર છે. પોતાના પરિણામ કેમ કરવા તે પોતાના હાથની વાત છે. પણ બહારમાં જે ઉદયો આવે જેમ કે, શરીરમાં રોગ આવે. અશાતા વેદનીય આવે, ધંધામાં ખોટ જાય એ બધાને પોતે ફેરવી શકતો નથી. રાગ-દ્વેષ કેટલા કરવા અને કેમ કરવા તે પોતે કરી શકે છે.

✍ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પહેલા પણ જો ચૈતન્યની ઊંડી ભાવના હોય અને પોતાને યથાર્થ લગની ઊંડાણથી લાગી હોય તો જીવ ગમે ત્યાં જાય તો પણ, પુરુષાર્થ થઈ શકે તેવો અવકાશ રહે છે.

✍ જીવનમાં કોઈવાર પહાડ જેવી પ્રતિકૂળતા આવી પડે તોપણ આત્મશ્રદ્ધા ગુમાવવી નહીં. મનને સમતોલ રાખવું. કોઈપણ દુઃખનો ઉકેલ અને અંત હોય છે. તારે બીજા કોઈ સહારાની જરૂર નથી, તારો જ્ઞાયક આત્મા તારી પાસે જ છે.

✍ અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગો બનવા તે તો સંસારની સ્થિતિ જ છે. તેને ફેરવવા આત્માનું સમર્થપણું નથી. પણ આ સંસાર સમુદ્રમાંથી આત્માને તારવીને ઉંચો લાવવો તે પોતાની સ્વતંત્રતાની વાત છે.

✍ સંસાર દુઃખથી ભરેલો છે. દુઃખના પ્રસંગો યાદ આવે ત્યારે સારા પ્રસંગો યાદ કરવા. સંસારમાં દુઃખના પ્રસંગો તો એક પછી એક બન્યા જ કરે છે. આવા પ્રસંગોમાં શાંતિ રાખ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. આકુળતા કરવાથી તો કર્મબંધ થાય છે. માટે શાંતિ રાખવી, મનના વિચારો ફેરવી નાખવાં, બનેલા પ્રસંગોને બહુ લંબાવીને યાદ ન કરવા. પૂજ્ય ગુરુદેવશ્રી અને દેવ-શાસ્ત્ર-ગુરુને હૃદયમાં રાખવા.

✍ આત્મ વસ્તુનું સ્વરૂપ સમજાય તો આત્મા માટે પ્રવૃત્તિ થાય. પરંતુ જાણવાની ખરી જિજ્ઞાસા–પિપાસા જ જાગી નહીં હોય તેથી સમજાતું નથી. જેટલી આજીવિકા માટે પ્રવૃત્તિ થાય છે, તેટલી જ આત્મા માટે થશે ત્યારે ધન્ય થશે.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## રંગ, રાગ ને ભેદથી ભિન્ન, અભેદ આત્માનુભૂતિની એકમાત્ર વિધિ

વસ્તુ અખંડ અભેદ છે, વર્તમાન અવસ્થાને તે બાજુ વાળતાં-ધ્રુવ તરફ ઢાળતાં તેમાં અભેદનો અનુભવ થાય છે; ધ્યાનની પર્યાયને ધ્રુવને ધ્યેય બનાવતાં અભેદની અનુભૂતિ થાય છે. તેમાં સ્પર્શ, રસાદિનો અનુભવ થતો નથી, રાગ-દ્વેષ-મોહાદિ વિભાવનો અનુભવ થતો નથી તથા ચૌદ ગુણસ્થાનના ભેદનો પણ અનુભવ થતો નથી. તેથી વર્ણાદિક ગુણસ્થાન પર્યંતના ભાવો જીવને નથી. વસ્તુના ત્રિકાળી સ્વરૂપમાં તે ભાવો નથી ને ત્રિકાળી સ્વરૂપના ધ્યાનથી થતી અનુભૂતિમાં પણ તે ભાવો આવતાં નથી, ભિન્ન રહી જાય છે. તેથી તે સઘળાય ભાવો પુદ્‌ગલ પરિણામમય કહીને સ્વભાવની દૃષ્ટિ કરાવવી છે. શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે ભાવો છૂટી જાય છે, જે ભાવો અનુભૂતિમાં આવતાં નથી તે ભાવો જીવના કેમ હોઈ શકે ? તેથી તેઓ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી નિમિત્ત, રાગ તથા ભેદનું લક્ષ છોડી માત્ર એક સર્વોપરી અંતઃતત્ત્વને જ તમે દેખો—એમ આચાર્યદેવ અહીં કહે છે.

આ આત્મા પરમાર્થે સમસ્ત અન્યભાવોથી રહિત ચૈતન્યશક્તિ માત્ર છે તથા ચૈતન્યશક્તિથી રહિત સમસ્ત અન્યભાવો પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય છે, તે વાત આચાર્યદેવ ૫૦ થી ૫૫ ગાથા દ્વારા સમજાવે છે.

નથી વર્ણ જીવને, ગંધ નહિ, નહિ સ્પર્શ, રસ જીવને નહીં,
નહિ રૂપ કે ન શરીર, નહિ સંસ્થાન, સંહનને નહીં; ૫૦.
નથી રાગ જીવને, દ્વેષ નહિ, વળી મોહ જીવને છે નહીં,
નહિ પ્રત્યયો, નહિ કર્મ કે નોકર્મ પણ જીવને નહીં; ૫૧.
નથી વર્ગ જીવને, વર્ગણા નહિ, સ્પર્ધકો કંઈ છે નહીં,
અધ્યાત્મસ્થાન ન જીવને, અનુભાગસ્થાનો પણ નહીં; ૫૨.

બંધ-મોક્ષના પક્ષથી નિશ્ચય તું બંધાય;
સહજ સ્વરૂપે જો રમે, તો શિવસુખરૂપ થાય. ૮૭.
—શ્રી યોગસાર

જીવને નથી કંઈ યોગસ્થાનો, બંધસ્થાનો છે નહીં,
નહિ ઉદયસ્થાનો જીવને, કો માર્ગણાસ્થાનો નહીં; ૫૩.
સ્થિતિબંધસ્થાન ન જીવને, સંકલેશસ્થાનો પણ નહીં,
સ્થાનો વિશુદ્ધિ તણાં ન, સંયમલબ્ધિનાં સ્થાનો નહીં; ૫૪.
નથી જીવસ્થાનો જીવને, ગુણસ્થાન પણ જીવને નહીં,
પરિણામ પુદ્‌ગલદ્રવ્યના આ સર્વ હોવાથી નક્કી. ૫૫.

કાળો લીલો આદિ વર્ણ, સુરભિ અને દૂરભિ ગંધ, કડવો આદિ રસ, કોમળ, કઠોર આદિ સ્પર્શ અને રૂપ તે સઘળાય ભાવો જીવને નથી. જીવ વસ્તુમાં તે ભાવો નથી ને તેઓ પુદ્‌ગલદ્રવ્યના પરિણામમય હોવાથી જીવની અનુભૂતિથી ભિન્ન છે. ૧-૫.

ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ તથા કાર્મણ શરીર જીવને નથી. હુંડક આદિ સંસ્થાનો કે વજ્રનારાચ આદિ સંહનન જીવને નથી કેમકે તેઓ પુદ્‌ગલદ્રવ્યના પરિણામ-મય હોવાથી પોતાની અનુભૂતિમાં આવતાં ન હોવાથી ભિન્ન છે. નિર્મળ પરિણતિ દ્વારા વસ્તુ-સ્વરૂપનો અનુભવ કરતાં તે અનુભૂતિમાં તેઓ આવતાં ન હોવાથી તેઓ જીવથી ભિન્ન છે. બીજી રીતે એમ કહ્યું કે કોઈ એમ માને કે ઔદારિક શરીર મળ્યું માટે કે વજ્રનારાચ સંહનન હોય તેથી મોક્ષ થાય તો તે વાત રહેતી નથી. પાંચ પ્રકારના શરીર કે સંહનન જ જ્યાં જીવને નથી. જીવથી ભિન્ન છે ત્યાં તેના લઈને મોક્ષ થાય તે કેમ બને ?

ઔદારિક શરીરનું ક્ષણે ક્ષણે જે પરિણમન થાય તે જીવને લીધે નથી તેમજ વિકલ્પ ઉઠ્યો તેના કારણે નથી. અનંતનું અનંતપણું ત્યારે સિદ્ધ થાય કે જ્યારે દરેકનું પરિણમન સ્વતંત્રપણે પોતપોતાથી હોય.

શરીરનો જે આકાર છે તે શરીરના પોતાના લઈને છે, નામકર્મના ઉદયને લઈને તેમ થયું નથી. શાતા-અશાતાના લઈને શરીરમાં નિરોગતા-રોગનો ઉદય આવ્યો તેમ પણ નથી. ૬-૮

પ્રીતિરૂપ રાગ, અપ્રીતિરૂપ દ્વેષ તથા યથાર્થ તત્ત્વની અપ્રાપ્તિરૂપ મોહ તે સઘળોય જીવને નથી, કેમ કે તેઓ પુદ્‌ગલના પરિણામમય હોવાથી જીવની અનુભૂતિથી ભિન્ન છે.

શુભરાગ અસંખ્ય પ્રકારનો છે તથા અશુભના પણ અસંખ્ય પ્રકાર છે, તે બધોય જીવને નથી. આમ તો દસમા ગુણસ્થાન સુધી રાગ છે ને અહીં રાગ જીવને નથી તેમ કહ્યું છે. કેમકે જીવના સ્વરૂપમાં તો રાગ છે જ નહીં પણ સ્વરૂપની દૃષ્ટિ કરતાં જે અનુભૂતિ

**સમ્યગ્દષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય;**
**કદી જાય તો દોષ નહિ, પૂર્વ કર્મ ક્ષય થાય. ૮૮. –શ્રી યોગસાર**

થાય છે તેમાં પણ રાગનો અભાવ છે. દસમા ગુણસ્થાને રાગ છે તેમ કહીને પર્યાયની સ્થિતિનું જ્ઞાન કરાવ્યું છે. પરંતુ અહીં તો વસ્તુની સ્થિતિની વાત છે. વસ્તુસ્વરૂપ કેવું છે તે કહીને વસ્તુની દૃષ્ટિ કરાવી છે. તેથી રાગ જડમાં છે, પુદ્‌ગલના પરિણામ છે, અચેતન છે, તેમાં ચેતનપણું નથી તેથી તે જીવમાં નથી, જીવના નથી. જીવના આશ્રયે અનુભૂતિ થાય છે તે રાગને ભિન્ન પડીને થાય છે, જો રાગ જીવનો હોય તો તે ભિન્ન પડે નહીં.

બીજી રીતે જોઈએ તો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ શુભરાગ છે. દયા-દાન આદિ કે પંચ મહાવ્રતાદિનો વિકલ્પ તે શુભરાગ છે. તે જીવને નથી, તેઓ જીવની અનુભૂતિથી ભિન્ન છે તેથી પુદ્‌ગલ દ્રવ્યના પરિણામમય છે. જીવ વસ્તુમાં વ્યવહાર રત્નત્રયના વિકલ્પો પણ નથી. જીવની અનુભૂતિથી તેઓ ભિન્ન છે તો પછી વ્યવહાર રત્નત્રયથી મોક્ષ કેમ સાધી શકાય? પૂર્ણાનંદના નાથથી જેઓ ભિન્ન છે તેના વડે પૂર્ણાનંદની સાધના કઈ રીતે થઈ શકે? તેથી વ્યવહાર રત્નત્રય સાધન નથી.

અથવા તો જેઓ જીવદ્રવ્યમાં નથી તેમજ જીવની અનુભૂતિથી ભિન્ન છે એવા રાગાદિમાં જેને પ્રેમ વર્તે છે, રુચિ વર્તે છે ને તેના વડે પરંપરાએ મોક્ષ થશે એવી મીઠાશ પડી છે તેને પુદ્‌ગલદ્રવ્યનો પ્રેમ વર્તે છે, પુદ્‌ગલનો આદર વર્તે છે ને ભગવાન આત્માનો અનાદર વર્તે છે. ૯-૧૦. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (નિયમસાર)

એની એ જ હોવા છતાં કેમ શરણભૂત થતી નથી? પહેલાં તેમાં સુખ માનતો હતો ને? ક્યાં ગઈ તારી સુખની કલ્પના? માટે હે અજ્ઞાની! તું સમજ કે એ કોઈ પણ બહારના પદાર્થો તને શરણભૂત નથી; તેમાં સુખની જે કલ્પના કરી હતી તે કલ્પના પણ શરણભૂત નથી. અને જેના ફળમાં તે સંયોગ મળ્યા છે તે પુણ્ય પણ તને શરણભૂત નથી. એ બધાય તારાથી બાહ્યતત્ત્વો છે, ને તારો એકરૂપ ચૈતન્યસ્વભાવ તે અંતર્‌તત્ત્વ છે ને તે જ શરણભૂત છે. એ સ્વભાવની ઓળખાણ આચાર્યદેવ આ ગાથામાં કરાવે છે.

આ આત્મા પોતાના ગુણોથી ને પર્યાયોથી પૂરો છે; વર્તમાન પર્યાયમાં જે અધૂરાશ દેખાય છે તેટલો તે નથી. પર્યાયનું લક્ષ છોડીને દ્રવ્યસ્વભાવના લક્ષે જે એકરૂપ સ્વભાવ જણાય છે તે જ આત્મતત્ત્વ છે, ને તે જ ઉપાદેય છે. જ્યાં સુધી તેનો અનુભવ ન થાય ત્યાં સુધી, તેના લક્ષે વારંવાર તેનું શ્રવણ-મનન કરવું જોઈએ, ને તેના મહિમાનું વારંવાર ચિંતવન કરવું જોઈએ. અનાદિથી પર્યાય જેટલો માનીને પોતે તેના મહિમામાં અટક્યો છે ને વિકારનો જ અનુભવ કર્યો છે, તેને બદલે સ્વભાવનો મહિમા કરે તો વિકારરહિત શુદ્ધભાવનો અનુભવ થાય છે, ને વિકારનો મહિમા છૂટી જાય છે. સુખી થવાનો માર્ગ આ જ છે. (ક્રમશઃ) ❋




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૨-૫-૪૪, શનિવાર) વ્યાખ્યાન નં. ૨૩
(ગાથા ૩૮)



આ શુદ્ધભાવ અધિકાર ચાલે છે. આત્માનો સ્વભાવ એ જ શુદ્ધભાવ છે ને તે જ આદરણીય છે. એ શુદ્ધસ્વભાવને માનવો તે સમ્યગ્દર્શન છે. આત્માનો શુદ્ધસ્વભાવ પરથી જુદો ને વિકારથી રહિત શી રીતે છે તે જાણીને, તેની રુચિ કરવી તે સમ્યગ્દર્શન છે. સ્વભાવ શું અને પરભાવ શું–એ જાણ્યા વગર સ્વભાવની રુચિ થાય નહિ, ને પરનો મહિમા ટળે નહિ. અને ત્યાં સુધી જીવને ધર્મ થાય નહિ.

જીવ પોતાના સ્વભાવને ભૂલીને પરની ગમે તેવી રુચિ કરે ને કર્તાપણાના થનગણાટ કરે, પણ તેથી પર ચીજ કાંઈ પોતાની થઈ જતી નથી, ને પોતે પર ચીજનું કાંઈ કરી શકતો નથી. પોતાના સ્વભાવની પૂર્ણતાનો મહિમા જાણ્યો નથી તેથી વિકારથી ને પરથી પોતાનો મહિમા માની રહ્યો છે. શુભભાવ કરે ત્યાં તો મેં ઘણું કર્યું એમ માની લે છે, અને ધાર્યા પ્રમાણે બહારમાં અનુકૂળતા દેખે ત્યાં તો જાણે કે હું આનાથી ભરપૂર છું. પણ તે અજ્ઞાનીને ભાન નથી કે જ્ઞાન-સુખથી ભરપૂર તો પોતાનો સ્વભાવ જ છે, ને તે જ પોતાને શરણભૂત છે, બહારની કોઈ વસ્તુ જરાય શરણભૂત નથી અને વિકાર પણ શરણભૂત નથી. જેને પોતાના સ્વભાવની વિકારથી ને પરથી ભિન્નતા નથી ભાસતી, ને વિકારમાં તથા પરમાં જ એકાકારપણું માની રહ્યો છે, તે પોતાના શુદ્ધભાવને ઉપાદેય જાણતો નથી; તે મિથ્યાદૃષ્ટિ છે. અને જે જીવ પોતાના શુદ્ધભાવને વિકારથી ને પરથી જુદો જાણીને, ઉપાદેય માને છે તે ધર્માત્મા–સમ્યગ્દૃષ્ટિ છે.

આ જીવને પર વસ્તુઓ જરાપણ શરણભૂત નથી. પરંતુ 'મને પર વસ્તુ શરણભૂત નથી, ને તેમાં મારું સુખ નથી'—એમ અજ્ઞાનીને મૂઢબુદ્ધિથી દેખાતું નથી. પોતે સદાય પરિપૂર્ણ, ભગવાનસ્વરૂપે અંતરમાં સ્થિત છે, એને તો ભૂલી જ જાય છે, ને વર્તમાનમાં અશુભ છોડીને શુભ પરિણામ કરે ત્યાં તો પોતે ભરપૂર હોય એમ અજ્ઞાનીને લાગે છે, પણ શ્રીગુરુ કહે છે કે ભાઈ, પુણ્ય તારું સ્વરૂપ નથી. પુણ્ય કર્યા તેથી તારા આત્માની

**આત્મ સ્વરૂપે જે રમે, તજી સકળ વ્યવહાર;**
**સમ્યગ્દષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવપાર. ૮૯.** –શ્રી યોગસાર

મોટાઈ નથી. તારો આત્મા તો પુણ્ય-પાપરહિત અત્યારે જ એકરૂપ જ્ઞાનભાવે ભરપૂર છે, એમાં જ તારું સુખ છે, એ જ તારે ઉપાદેય છે. તું એને ભૂલીને, પુણ્ય પરિણામમાં તારું એકત્વ માની રહ્યો છે અને તેમાં સુખ માને છે, પણ ભાઈ! એ ઊંધી માન્યતાથી તો કરોડો કાળા વીંછીના ડંખની વેદના કરતાંય વધારે દુઃખની વેદના તું ભોગવી રહ્યો છે. માટે શુદ્ધસ્વભાવના અભ્યાસવડે તે માન્યતા છોડ.

જે શુભ કે અશુભ પરિણામ થાય છે તે આત્માના મૂળસ્વરૂપમાં નથી, પણ પર્યાયમાં ઉપરટપકે થનારા વિકારભાવો છે. તે ઉપરટપકે થનારા ભાવો જેટલો આત્માને ન માનતાં તું અંતરના મૂળસ્વરૂપને જો. જેમ સમુદ્રના પાણીમાં ક્યાંક મેલું મોજું દેખાય, પણ કાંઈ આખો સમુદ્ર મેલો નથી. ક્ષણિક મેલું મોજું આખા સમુદ્રને મેલો કરવા સમર્થ નથી. મેલા મોજા વખતે પણ સમુદ્ર તો નિર્મળ છે. તેમ આ આત્મા ચૈતન્યસમુદ્ર છે. તેની વર્તમાન દશામાં જે મલિનતા દેખાય છે તે ક્ષણિક છે, આખું આત્મસ્વરૂપ મેલું નથી. આત્મસ્વરૂપ શુદ્ધ એકરૂપ છે. ક્ષણિક વિકાર થાય છે તે ભાવ આખા શુદ્ધસ્વરૂપને મલિન કરવા સમર્થ નથી. વિકાર જેટલો જ આત્મા માનવો તે અજ્ઞાન છે, ને શુદ્ધ આત્મસ્વરૂપને માનવું તે સમ્યગ્જ્ઞાન છે.

મીઠા જળથી ભરેલા સમુદ્રના મોજામાં જે મલિનતા દેખાય છે તેટલો જ કાંઈ આખો સમુદ્ર નથી. મૂળસ્વરૂપે સમુદ્રને જુઓ તો તે સમુદ્ર અને તેનું પાણી એકરૂપ ચોક્ખાં છે, મોજાની મલિનતા તો બહારની ઉપાધિ છે. તેમ આ આત્મા સહજ ચૈતન્યરૂપ છે. તેમાં વર્તમાન જે વિકારભાવ દેખાય છે તે તેના મૂળસ્વરૂપમાં નથી. જો એકલા આત્માને મૂળસ્વરૂપે જુઓ તો, તેના દ્રવ્યમાં-ગુણમાં કે વર્તમાન વર્તતા ભાવમાં પણ વિકાર નથી. આત્માનું મૂળ સ્વરૂપ શુદ્ધ છે તે ઉપાદેય છે. જેમ સમુદ્રનો એવો સ્વભાવ છે કે મેલને પોતામાં રહેવા દે નહિ પણ ઊછાળીને બહાર ફેંકી દે. તેમ આત્મસ્વરૂપમાં વિકારભાવોનો પ્રવેશ થઈ શકતો નથી. આત્મા અંતર્તત્ત્વ છે, ને વિકાર બહિર્તત્ત્વ છે; અંતર્તત્ત્વમાં બહિર્તત્ત્વનો પ્રવેશ નથી. આત્માનો સ્વભાવ વિકારનો નાશ કરવાનો છે. આવો આત્મસ્વભાવ જ અમૃતરૂપ છે, એની ઓળખાણ સિવાય બીજા જેટલા ભાવો કરે તે બધાય ઝેરરૂપ સંસારસ્વરૂપ છે.

પુણ્ય-પાપ પરિણામમાં કે તેના ફળને ભોગવવામાં આનંદ માનવો તે મૂઢતા છે, પુણ્યપરિણામ કરીને એમ માનવું કે 'મેં બહુ સારા ભાવો કર્યા,' તે અગ્નિના લાવા ભોગવવા જેવું છે. જેમ કોઈ ગાંડો માણસ અગ્નિથી ઝગમગતા સારા કોલસાને હાથમાં

**જે સમ્યક્ત્વ પ્રધાન બુધ, તે જ ત્રિલોક પ્રધાન;**
**પામે કેવળજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન. ૯૦.** –શ્રી યોગસાર

લઈને એમ માને કે હું અગ્નિના લહાવા લઉં છું, મને બહુ આનંદ આવે છે. પણ અગ્નિથી પોતાનો હાથ બળી જાય છે તેનું તેને ભાન નથી. તેમ પુણ્યપરિણામના વેદનથી તો આકુળતારૂપી અગ્નિમાં આત્મા બળી રહ્યો છે, પણ અજ્ઞાની તેમાં શાંતિ માને છે.

આત્મા પોતાના સ્વભાવથી ભરપૂર છે, પણ અજ્ઞાની જીવ સ્વભાવનો મહિમા સમજતો નથી તેથી સ્વભાવનું શરણ કરતો નથી; તેની દૃષ્ટિ નિમિત્તો ઉપર છે તેથી નિમિત્તોની હાજરીમાં તેને પોતાનું શરણ લાગે છે. બહારના પદાર્થોથી તો પોતે ખાલી છે, ને અંતરમાં શુદ્ધ આનંદઘન સ્વભાવથી ભરેલો છે, તે જ ઉપાદેય ને શરણભૂત છે. પણ એના ભાન વિના, બહારની ક્ષણિક વસ્તુઓથી પોતાને ભરેલો માને છે ને પોતાને માલ વગરનો માને છે. પણ બહારના પદાર્થોમાંથી કદી જીવની શાંતિ આવે તેમ નથી. વળી કાંઈક પુણ્યપરિણામ કરે તેનાથી પોતાને ભરપૂર માને છે, ક્ષણિક પરિણામમાં જ અર્પાઈ જઈને તેમાં જ આત્માનું સર્વસ્વ માની બેઠો છે. પણ ક્ષણિક પુણ્યપરિણામરહિત આખી વસ્તુ જ્ઞાનકંદ છે તેને જાણતો નથી.

જીવનો શ્રદ્ધાગુણ એવો છે કે જ્યાં તેની દૃષ્ટિ પડે ત્યાં તે પોતાને પૂરો માને છે. પોતાનો મૂળસ્વભાવ પૂરો છે તેની શ્રદ્ધા છોડીને અજ્ઞાનીએ વિકારમાં ને પરમાં પોતાપણું માન્યું છે, તેથી વિકારથી ને પરથી જ પોતાને ભરપૂર–પૂરો માને છે, પણ તેનાથી જુદું સ્વરૂપ છે તેને માનતો નથી. જ્યાં જ્યાં દૃષ્ટિ મૂકે છે ત્યાં ત્યાં ભર્યો ને પૂરો જ માને છે, અધૂરો માનતો નથી. અંતરમાં પોતાનો સ્વભાવ પૂરો છે તેથી ઊંધો પડીને બહારમાં પણ પોતાની પૂર્ણતા માને છે. પોતે પૂરો છે પણ દૃષ્ટિમાં ગૂલાંટ મારી છે તેથી બહારમાં પૂર્ણતા માની બેઠો છે. બહારમાં પૂર્ણતા માનનારો પોતે જ પૂરો છે, પણ જ્યાં પૂર્ણતા છે ત્યાં ન માનતાં, જ્યાં નથી ત્યાં પોતાપણું માન્યું છે. શ્રીઆચાર્યદેવ કહે છે કે તારો શુદ્ધસ્વભાવ જ તારે ઉપાદેય છે, તેની જ તું માન્યતા કર, એ સિવાય બીજું કાંઈ તારે ગ્રહણ કરવા જેવું નથી. પર્યાયમાં રાગાદિ હોવા છતાં તે ગ્રહણ કરવા જેવા નથી. આવી શ્રદ્ધા કરવી તે ધર્મ છે. રાગાદિમાં આત્મા નથી, છતાં ત્યાં ખોટી કલ્પના કરીને પોતાપણું માની રહ્યો છે, તે અસત્ માન્યતા જ અધર્મ છે. અને જે પોતાનો સ્વભાવ સત્ છે તેને જ માન્યતામાં સ્વીકારવો તે સત્‌ની માન્યતા છે, ને તે ધર્મ છે.

અજ્ઞાની જીવ પૈસા, બંગલો, સ્ત્રી વગેરેને શરણભૂત માને છે, પણ જ્યારે વીંછી બરાબરનો ડંખ મારે ત્યારે રાડેરાડ પાડે છે; તે વખતે પૈસા, બંગલો ને સ્ત્રી વગેરે વસ્તુઓ

(જુઓ અનુસંધાન પેજ નં. ૮ ઉપર)

**અજર અમર બહુ ગુણનિધિ, નિજરૂપે સ્થિર થાય;**
**કર્મબંધ તે નવ કરે, પૂર્વબદ્ધ ક્ષય થાય. ૯૧.** –**શ્રી યોગસાર**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

શિષ્ય ફરીને પ્રશ્ન પૂછે છે કે સ્વર્ગમાં જનારને શું ફળ મળે છે? આચાર્ય મહારાજ ઉત્તર આપતાં ગાથા કહે છે :—

हृषीकजमनातकं दीर्घकालोपलालितम् ।
नाके नाकौकसां सौख्यं नाके नाकौकसामिव ।।५।।

ઈન્દ્રિયજન્ય નિરામયી, દીર્ઘકાલ તક ભોગ્ય,
ભોગે સુરગણ સ્વર્ગમાં; સૌખ્ય સુરોને યોગ્ય. ૫.

સ્વર્ગમાં રહેનારા દેવોને સ્વર્ગવાસી દેવો જેવું સુખ હોય છે. એટલે ઈન્દ્રિયજન્ય સુખવાળાને ઈન્દ્રિયજન્ય જેવું જ સુખ હોય છે પણ આત્માના અતીન્દ્રિય સુખ જેવું સુખ દેવોને નથી. મન, રાગ ને ઈન્દ્રિયથી ભિન્ન પડીને આત્માનું જે સુખ આવે એવું અતીન્દ્રિય સુખ સ્વર્ગમાં નથી. સ્વર્ગમાં જાય તો કેવું સુખ થાય? એનો ઉત્તર આપે છે કે તે સુખ કાંઈ અતીન્દ્રિય સુખ નથી પણ દેવના જેવું દેવને સુખ છે. મનુષ્ય કરતાં તેનું સુખ વધારે હોય છે. બીજી ઉપમાં શી અપાય!

સ્વર્ગના દેવોના સુખને શી ઉપમા આપવી? એના જેવું સુખ બીજી ગતિમાં નથી. મનુષ્યમાં નથી. મનુષ્યની અપેક્ષાએ ઈન્દ્રિય સુખની વાત છે હો! પણ ઈ કાંઈ અતીન્દ્રિય સુખ નથી. ઈન્દ્રિય સુખ જે મનુષ્યપણામાં છે તે કરતાં ઘણું ઈન્દ્રિય સુખ સ્વર્ગના દેવોને છે એ અપેક્ષાએ કહે છે કે દેવના સુખને ઉપમા આપી શકાય નહીં એવું છે. તે ઈન્દ્રિયસુખ નિર્વિઘ્ન છે. શત્રુ આદિના વિઘ્નો ત્યાં નથી ને તે સુખ દીર્ઘકાળ સુધીના-સાગરોપમ સુધીના હોય છે. એક સાગરમાં દશ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય ને એક પલ્યોપમમાં અસંખ્યાતા, અબજ વર્ષ જાય. એવા સાગરોપમ કાળનું સુખ સ્વર્ગના દેવોને હોય છે.

મનુષ્યના સુખ કરતાં સ્વર્ગના દેવોની સુખ-સગવડતા વધારે છે એટલું બતાવવું છે. બાકી ત્યાં કાંઈ અમૃત નથી. અમૃત તો આત્મામાં છે. મનુષ્યના સુખ વિઘ્નોવાળા, અલ્પકાલીન છે ને સ્વર્ગના સુખ નિર્વિઘ્ન છે, દીર્ઘકાલીન છે. એ વ્યાખ્યા અપેક્ષાએ

**પંકજ જ્યમ પાણી થકી, કદાપિ નહિ લેપાય;**
**લિપ્ત ન થાયે કર્મથી, જે લીન આત્મસ્વભાવ. ૯૨. –શ્રી યોગસાર**

સ્વર્ગના સુખ સારા કહ્યાં છે. બાકી સમ્યગ્દષ્ટિ તેને સુખ માનતો નથી. જે આત્માના ભાનપૂર્વક ત્યાં ગયા છે તે તેને સુખ માનતા નથી. અજ્ઞાની તેને સુખ માને છે.

હવે વિશેષ અર્થ કરે છે કે વત્સ ! આ સ્વર્ગીય સુખ કોને હોય છે ?-કે સ્વર્ગમાં રહેનારા દેવોને હોય છે, નહીં કે સ્વર્ગના એકેન્દ્રિય જીવોને. સ્વર્ગમાં ઉપજેલા એકેન્દ્રિય જીવોને સુખ હોતું નથી. સ્વર્ગના દેવોને ઇચ્છા થાય ત્યારે વિષયોનો અનુભવ કરનાર સ્પર્શાદિ સારાયે અંગથી તેને હરખ થાય છે. સમ્યગ્દષ્ટિને રાગ બાકી રહેવાથી સ્વર્ગમાં જાય છે તેને ત્યાં આવું સુખ હોય છે. મનુષ્યમાં એક એક ઇન્દ્રિયનું થોડું સુખ લાગે છે ને સ્વર્ગમાં પાંચેન્દ્રિયનું સર્વાંગીય સુખ દેખાય છે. બાકી તો પરમાત્મા પોતે પરમેશ્વર પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ બિરાજી રહ્યો છે. તેમાં અંતર એકાગ્રતાથી જે આનંદ આવે એવો આનંદ ત્રણકાળમાં બીજે ક્યાંય નથી.

મનુષ્યને તો પાંચ-પચ્ચીસ કરોડ થાય ત્યાં ક્યાં રાખવા ? કેમ સાચવવા ? ઇત્યાદિ ઉપાધિ હોય છે. મોટા રાજાદિના સુખ હોય તોપણ તેને કેટલાય વિઘ્નો આવે છે. સ્વર્ગના સુખ નિર્વિઘ્ન હોય છે. મનુષ્યના રાજ્ય આદિના સુખમાં તો કોઈ રાજાને મારી નાખે, ગાદીએથી ઉઠાડી મૂકે, શરીરમાં કેટલાય રોગ હોય, જ્યારે સ્વર્ગના સુખમાં આવી પ્રતિકૂળતા હોતી નથી.

વળી એ સુખ દેવકુરુ ને ઉત્તરકુરુના જુગલિયા જીવો-ભોગભૂમિના જીવોની જેમ અલ્પકાળના હોતા નથી. સ્વર્ગમાં તો સાગરોપમ કાળના સુખ હોય છે. આત્માના ધ્યાનપૂર્વક સમ્યગ્દષ્ટિને શુભભાવના ફળમાં સ્વર્ગનું આવું સુખ હોય છે અને અજ્ઞાનીને પણ આત્માના ભાન વિના શુભભાવના ફળમાં સ્વર્ગનું સુખ હોય છે. પરંતુ અજ્ઞાની તે સુખ ભોગવીને મરીને એકેન્દ્રિય આદિમાં જતો રહે છે ને સમ્યગ્દષ્ટિ ત્યાંથી મરીને મનુષ્ય થઈને મોક્ષે જાય છે.

આત્માના જ્ઞાન, ધ્યાન ને અનુભવપૂર્વક જે શુભભાવથી સ્વર્ગમાં ગયા તેને આજ્ઞામાં રહેનારા હજારો દેવદેવીઓની સેવાઓ દ્વારા એક પછી એક વધતા જતા સુખ હોય છે.એ સુખની ઉપમા આપીને બીજા સાથે સરખાવીને—મનુષ્યના સુખ સાથે સરખાવીને કહી શકાતું નથી. આત્માનું ધ્યાન કર્યું છે, આત્મજ્ઞાનમાં આનંદ માન્યો છે તેને હજુ શુભરાગ બાકી રહી જાય ને પુણ્ય બાંધે તેની આ વાત ચાલે છે. સ્વર્ગના દેવોનું સુખ સ્વર્ગમાં દેવોના જેવું હોય છે.

**શમ સુખમાં લીન જે કરે ફરી ફરી નિજ અભ્યાસ;**
**કર્મક્ષય નિશ્ચય કરી, શીઘ્ર લહે શિવવાસ. ૯૩. –શ્રી યોગસાર**

ત્યારે શિષ્યે તેમાંથી શંકા ઉપાડી કે આટલું બધું સુખ સ્વર્ગમાં છે, ત્યાંના સુખની આટલી બધી વ્યાખ્યા કરી તો આત્માની ભક્તિ કરીને શું કામ છે ? આવું સુખ મળે તો બસ છે. કેવળ મોક્ષમાં જ સુખ છે એમ નથી. સ્વર્ગમાં પણ આવું સુખ છે તો પછી 'મને મોક્ષની પ્રાપ્તિ થાઓ'—એનું શું કામ છે ? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કે :—

અરે શિષ્ય ! તું સાંભળ ! સંસાર સંબંધી જેટલા પુણ્યના સ્વર્ગના સુખ વર્ણવ્યા તે સુખ નથી. પરમાં સુખ-દુઃખ માનવું એ તારી ભ્રાંતિ છે. મનુષ્ય કરતાં બીજા પ્રકારનું સુખ વચમાં આવે છે. સમ્યગ્દષ્ટિને સ્વર્ગમાં એવું સુખ હોય છે એટલું બતાવ્યું છે. પણ ત્યાં સુખ છે એવી માન્યતા તો બહિરાત્મા મિથ્યાદષ્ટિની હોય છે. શુભોપયોગમાં જે સુખ મળે તેને સાચું સુખ માને એ ભ્રાંતિ તો મિથ્યાદષ્ટિની છે. મનુષ્ય કરતાં સ્વર્ગમાં સુખ છે ને !— એવો આગ્રહ કરવાવાળો સંસારસુખ-દુઃખ સંબંધી ભ્રાંતિવાળો છે એ વાતને બતાવવા આચાર્યદેવ શ્લોક કહે છે :—

वासनामात्रमेवैतत्सुखं दुःखं च देहिनां ।
तथा ह्युद्वेजयंत्येते भोगा रोगा इवापदि ।।६।।

સુખ-દુઃખ સંસારીના, વાસનાજન્ય તું માન,
આપદમાં દુઃખકાર તે, ભોગો રોગ સમાન. ૬.

આ દેહ-માટીના ધરનાર જીવોને જે આ સુખ-દુઃખ થાય છે તે કેવળ કલ્પના ને વાસનાજન્ય સંસ્કાર છે. સમ્યગ્દષ્ટિ તો આત્મામાં જ આનંદ માને છે. સ્વર્ગમાં હોય તોપણ આત્મામાં જ આનંદ માને છે. ભગવાન ઋષભદેવના પુત્ર ભરતચક્રવર્તી એમ જાણતા ને માનતા કે અમારું સુખ અહીં અમારા આત્મામાં છે. રાણીઓમાં, રાજ્યોમાં, આબરૂ કે કીર્તિમાં અમારું સુખ નથી—એમ સમ્યગ્દષ્ટિ આત્માનું સુખ આત્મામાં માને છે. અજ્ઞાની બાહ્ય વિષયના સુખને ભ્રાંતિથી ભ્રમણાથી સુખ માને છે.

કેવળ કલ્પનાજન્ય વાસનાના સંસ્કારથી અજ્ઞાની બાહ્ય વિષયના સુખમાં સુખ માને છે. કેવળ..... કેવળ... કેવળ એટલે કે ત્યાં સુખ નથી પણ કેવળ કલ્પનાથી અજ્ઞાની માને છે. એ તો માત્ર એની કલ્પના છે. પ્રભુ ! આત્મા તો અતીન્દ્રિય આનંદનો પિંડ છે. તેને છોડી અજ્ઞાની વિષયના, સ્વર્ગના, ચક્રવર્તીના, મનુષ્યના સુખમાં કેવળ વાસના ગંધથી-કલ્પનાથી-વાસનાના સંસ્કારથી સુખ માને છે.　　　(ક્રમશઃ) ❊

પુરુષાકાર પવિત્ર અતિ, દેખો આતમરામ;
નિર્મળ તેજોમય અને અનંત ગુણગણધામ. ૯૪.　　　—શ્રી યોગસાર



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આત્મા અમૃતમૂર્તિ છે, તેને પીવાથી મિથ્યાત્વ મટે, બીજી કોઈ રીતે મટતું નથી. પુણ્ય-પાપ રહિત સ્વભાવમાંથી આનંદનું ઝરણું વહેતાં મિથ્યાત્વનો ભ્રમ મટે ને સંસાર ટળે. જેમાં જરા કે મૃત્યુ નથી—એવા આત્માના અમૃતને સેવવાનો માર્ગ ક્યો છે ? તે અહીં કહીએ છીએ.

નવ તત્ત્વમાં આત્મા એક તત્ત્વ છે, જ્ઞાનાનંદથી ભરેલો છે, તેને અવલોકી અનુભવ કરો. વિકારના અનુભવમાં અનંતકાળ ગયો, હવે તો આત્માને અનુભવો.—કેવી રીતે ?

પર પદાર્થોના લક્ષે થતા રાગ-દ્વેષથી અથવા શુભથી કલ્યાણ થશે તેવી માન્યતા અવિદ્યા છે. ચૈતન્યનો કૌતૂહલી થઈને વિકારથી લાભ માનવાની બુદ્ધિ છોડો. આત્માના ભાન વિના બધાં વ્રત, તપ, જપ, આદિ રણમાં પોક મૂકવા જેવાં છે. ''એકવાર તત્ત્વનો કૌતૂહલી થા.'' એમ શ્રી અમૃતચંદ્ર આચાર્ય કહે છે. ઓઝલમાં રહેલી રાણી જોવાનું કૌતુહલ થાય. ચક્રવર્તીનો ચોસઠસરો હાર જોવાનું કૌતુહલ થાય, પણ તેમાં કાંઈ માલ નથી. એક વાર તારા તત્ત્વનો કૌતુહલી થા. પુણ્ય-પાપની ઓઝલમાં પડેલું ગુપ્ત તત્ત્વ છે. પુણ્ય-પાપની રુચિમાં આત્માની સૂઝ પડતી નથી. એકવાર જ્ઞાનજ્યોતની કુતહલતા કર. આત્મા આનંદની ખાણ, બેહદ વીર્યની મૂર્તિ, ઉપશમરસનો કંદ છે. ધ્રુવ શક્તિએ સદા એવો જ છે. પણ વર્તમાનદશામાં પુણ્ય-પાપની બુદ્ધિમાં અટક્યો તેથી દેખાતો નથી. 'એકવાર સમ્મેદશિખરની જાત્રાએ જાય તો નરક મટી જાય.'—એમ માન્યતા કરી તેનું બહુમાન આવે છે, પણ અનંતી શુદ્ધ પર્યાય વહે તેવો ચિદાનંદ આત્મા સમ્મેદશિખર છે, તેનું બહુમાન કર્યું નહીં. જીવો બહારમાં ફરવા જાય છે ને મોજ માને છે. અહીં કહે છે કે નિજ આનંદની કેલિરૂપી કળા વડે સ્વ-પરને દેખ. શરીર, મન, વાણી સંગે અનંતકાળ રખડ્યો, આત્માનો સંગ કરે તો મોહનો સંગ ન રહે.

મારું હિત ચિદાનંદની અંતરમાં છે ને વિકારાદિ પરિણામ અહિત છે. હિત અને અહિત વચ્ચેનો ભેદ જ્ઞાનવડે અનુભવ કર. પુણ્ય-પાપના પરિણામ કર્મચેતના છે ને હરખ-શોકના પરિણામ કર્મફળચેતના છે. તેને છોડી જ્ઞાનચેતનાનો અનુભવ કર. અનાદિ

**જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન;**
**તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન. ૯૫.** —શ્રી યોગસાર

અખંડ બ્રહ્મપદનો વિલાસ તારા જ્ઞાનની ઉગ્રતામાં છે. પુણ્ય-પાપમાં જ્ઞાન વાળ્યું છે, તેને બદલે અંતર સ્વભાવમાં વાળ, ઉગ્રતા કર. આમ જ્ઞાનક્રિયા કરે તો શુભરાગને વ્યવહાર કહેવાય છે. તારા જ્ઞાનની ઉગ્રતામાં ચૈતન્ય વશ થાય તેવો છે. પુણ્ય-પાપ તારું સ્વરૂપ નથી. પૂર્ણ પદમાં જ્ઞાનની કટાક્ષ માર તો આનંદનો અનુભવ થાય તેમ છે. સંયોગદૃષ્ટિ વડે સંયોગીભાવની ભાવનારૂપ અજ્ઞાન છે, તે પડદો ક્યારે મટે ? જ્ઞાનીનું વચન એ છે કે તારા ચિદાનંદ તરફ જો, અમારા તરફ ન જો. અંતર્મુખ શક્તિ કર્મના પડદે પડેલી છે, તેને જો. જ્ઞાનની આંખો ઉઘાડ. ક્રમે ક્રમે કેવળજ્ઞાન પ્રગટ થશે ને લોકાલોક દેખાશે, સાદિ અનંત તેવી દશા રહેશે. જ્ઞાનસ્વરૂપ શક્તિમાં છે તેને વ્યક્ત કરવાનો પ્રયત્ન કર, તેનો મહિમા અપાર છે. અનંતા સંતો આવું ભાન કરી મુક્તિ પામ્યા છે.

પોતે જ્ઞાનમય મૂર્તિ છે. કોઈ લાકડાની કે આરસની મૂર્તિ છે, રત્નની મૂર્તિ છે તે બધી જડ છે. શરીર તારી ચીજ નથી, પુણ્ય-પાપ ઉપાધિ છે, તું જ્ઞાનમય છો. તેના ઉપર ત્રાટક કર. મીઠું એટલે ખારનો ગાંગડો, તેમ આત્મા જ્ઞાનનો ગાંગડો છે. તેની શોભા કર, તેમાં સહજ પદનો ખ્યાલ આવે છે. તેનું સેવન કરી અનેક મુનિ પાર થયા. રાગાદિ પરનો પરિચય કરીશ તો સ્વભાવનો અનુભવ થશે નહીં. નિમિત્તનો પરિચય વિષમ છે. ભગવાન આત્મા સહજ જ્ઞાનમૂર્તિ છે—સહજ બોધ સ્વરૂપ છે. પૂજા કરે, દયા-દાનાદિ ભાવ કરે, એ વગેરેથી આત્મા દૂર છે. ને તેવા પરિણામથી ચોરાશીના અવતાર નજીક છે. ચૈતન્યની દૃષ્ટિ કરવાથી ને નિમિત્ત તથા પુણ્ય-પાપની રુચિ છોડવાથી સ્વભાવ સહેલો છે.

અફીણ ખાવાથી ઘેન ચડે છે, તેમ પુણ્ય-પાપ વડે ધર્મ માનવાથી અજ્ઞાન ને મિથ્યાત્વનો કેફ ચડે છે. વ્યવહારરત્નત્રયના પરિણામ નિશ્ચયથી ઝેર છે ને આત્માનો અંતરસ્વભાવ અમૃત છે. તેની રીત તો પકડ. તે સિવાય બીજો રસ્તો નથી.

ક્રિયાકાંડના ક્લેશમાં શાંતપદ નથી. છ-છ મહિનાના ઉપવાસ કરે ને ભાન વિના સાધુ થાય તોપણ ચિદાનંદપદ પ્રાપ્ત થાય તેમ નથી. અંતર સુખનિધાન સ્વરૂપની રુચિ કર. સુખનિધાન પોતાનો આત્મા છે, એવો સર્વજ્ઞે જાણ્યો, વાણીએ ગાયો ને એવું જ પોતાનું સ્વરૂપ છે. તેની ભાવનાથી અવિનાશી આનંદ પામે. તે રસને સેવીને મુનિઓ આત્મજ્ઞાની થયા છે. વિકારને જાણ્યો છે પણ તે વિકારને સેવ્યો નથી. માટે તે રસને તું સેવ. તું જ્ઞાન-આનંદસ્વરૂપ છો. પ્રાપ્તની પ્રાપ્તિ થાય. અંતરશક્તિમાં આનંદ ને વીતરાગતા છે, તેને સેવવાથી તે પ્રગટ થશે.

**નિજ પરરૂપથી અજ્ઞ જન, જે ન તજે પરભાવ;**
**જાણે કદી સૌ શાસ્ત્ર પણ, થાય ન શિવપુર રાવ. ૯૬. –શ્રી યોગસાર**

પર્યાયના રાગ-દ્વેષ ગૌણ કરીએ તો આત્મા જ્ઞાનનો સૂર્ય છે. તે પોતાનું પદ છે. વિકાર પોતાનું પદ નથી. પરમેશ્વર પણ અંતરમાં છે. બહારમાં મળે તેમ નથી. સાધકને શુભરાગ આવે છે ને બાહ્યમાં લક્ષ જાય છે પણ તે શ્રેયપદ નથી. અલૌકિક ગાણાં ગાયાં છે. લગ્ન વખતે બહેનો ગાણાં ગાય છે કે—થાળ ભર્યા શગ મોતીએ, હાથી ઝૂલે...પણ ઘરમાં મોતી અને હાથી નહીં હોવા છતાં મલાવા કરીને વખાણ કરે છે. વસ્તુસ્વરૂપનાં ગાણાં કેવળીની વાણીએ પૂરાં પડે તેમ નથી. અજ્ઞાની ગુલાંટ ખાઈ ગયો છે. પરના ગાણાં ગાય છે ને તેમાં મજા માને છે. પોતે પોતાનો પ્રભુ છે, પોતાનો પ્રભુ બહારમાં નથી. પોતાની શક્તિનો મહિમા અપાર છે, તેવો પ્રભુ પોતે છે. પોતે પોતાને નિશ્ચયપ્રભુ સ્થાપે તો બાહ્ય ભગવાનને વ્યવહારે પ્રભુ કહેવાય.

પૃષ્ઠ ૩૨માં કહ્યું છે કે ‘‘સ્વરૂપની પ્રતીતિમાં પરિણતિ અવગાહ ગાઢ દઢ થાય તો મોક્ષનગર નજીક આવે.’’ પોતે ચિદાનંદ પ્રભુ છે—એમ પાકું કર, એકવાર દઢતા કર. પછી રમણતા થશે. ચિદાનંદ સ્વભાવની ભક્તિ કર, બીજા પ્રભુ તને કાંઈ આપે એમ નથી. ભગવાન કહે છે કે તારું પદ અમારી પાસે નથી, તું તને જો.

ચિદાનંદ પ્રભુ છે, એમ યાદ કર તો જ્ઞાનજ્યોતિનો ઉદય થાય ને મોહ અંધકાર નાશ પામે. સૂરજ પાસે અંધકાર આવી ન શકે. ચૈતન્ય જ્ઞાયકજ્યોતિનું ભાન થયે મોહઅંધકાર રહે નહીં. આત્મા જ્ઞાનસ્વરૂપી છે, જ્યાં ભાળું ત્યાં મારા જ્ઞાનને જ ભાળું છું, પર ચીજ મારામાં આવતી નથી, સ્વ-પર જ્ઞાનને જ દેખું છું—એવું ભાન થતાં આનંદ પ્રગટે છે ને તો પોતાના ચિત્તમાં કૃતકૃત્યતા પ્રગટે છે, તેને જલદી જો. ઘરમાં કિંમતી દાગીના આવે તો ઘરનાં બધા માણસો જલદી જોવા લાગે, તેમ તારા આત્માને વેગે જો. પરમાં એકાગ્રતા નિવારી આત્મામાં એકાગ્રતા કર. જ્ઞાન અને આનંદથી ભરેલો તું છે, ચિદાનંદની પ્રતીતિ અને અનુભવ વિના સામાયિક ને પોષહ ખોટાં છે. આત્માની રુચિપૂર્વક સમતાભાવ રાખવો તે સામાયિક છે. તારો બ્રહ્મવિલાસ તારામાં છે. તારી સામે જો. બહારના પદાર્થોની અવસ્થા જે થવાની તે થવાની, એમાં ફેર નહીં પડે. તારા ચિદાનંદથી અધિક કોઈ ચીજ નથી. આનંદ તારામાં છે, બહારમાં નથી. દષ્ટિ કર, ભરોસો લાવ—એનાથી બીજું શું અધિક ?

આ મુનિની વાત નથી, પણ ધર્મની શરૂઆતની વાત છે. શુભાશુભ ભાવ હોવા છતાં તારી દષ્ટિ ચૈતન્ય ઉપર રાખ તે કાળે તે જ પ્રકારનો રાગ હશે ને તે જ પ્રકારના નિમિત્તો હશે. માત્ર દષ્ટિ ફેરવ. આત્માને છોડી તું પરને ન ધ્યાવ.

ચારે અનુયોગોનો સાર એ છે કે તારા આત્માને અનુભવ. (ક્રમશઃ) ❊

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## (૧૮) સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન

પ્રશ્ન :—આત્માને સમ્યગ્જ્ઞાન કઈ ઉંમરે અને કઈ દશામાં પ્રગટી શકે ?

ઉત્તર :—ગૃહસ્થદશામાં આઠ વર્ષની ઉંમરે પણ સમ્યગ્જ્ઞાન થઈ શકે છે. ગૃહસ્થદશામાં આત્મભાન કરી શકાય છે. પહેલા તો બરાબર નિઃશંક સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. સમ્યગ્દર્શન થતાં જ સમ્યગ્જ્ઞાન થાય છે અને સમ્યગ્દર્શન—સમ્યગ્જ્ઞાન થયા પછી સ્વભાવના પુરુષાર્થ વડે વિકાર ટાળીને અવિકારી દશા જીવ પ્રગટ કર્યા વગર રહે નહીં. ઓછા પુરુષાર્થના કારણે કદાચ વિકાર ટળતાં વાર લાગે તોપણ તેના દર્શન—જ્ઞાનમાં મિથ્યાપણું થતું નથી.

## (૧૯) શુદ્ધતા અને અશુદ્ધતા

આત્માનું સાચું જ્ઞાન થતાં જીવને એમ નક્કી થાય છે કે—મારો સ્વભાવ શુદ્ધ નિર્દોષ છે છતાં મારી અવસ્થામાં જે વિકાર અને અશુદ્ધતા છે તે મારો દોષ છે, પણ તે વિકાર મારું ખરું સ્વરૂપ નથી માટે તે ટાળવાયોગ્ય છે. જ્યાં સુધી મારું લક્ષ કોઈ બીજી વસ્તુમાં કે વિકારમાં રહેશે ત્યાં સુધી પૂર્ણ અવિકારી દશા થશે નહીં પણ જ્યારે તે સંયોગ અને વિકાર ઉપરથી મારું લક્ષ ખસેડીને હું મારા શુદ્ધ અવિકારી ધ્રુવસ્વરૂપમાં લક્ષને ટકાવીને સ્થિર થઈશ ત્યારે વિકાર ટળીને અવિકાર દશા થશે. મારું જ્ઞાનસ્વરૂપ નિત્ય છે અને રાગાદિ અનિત્ય છે, એકરૂપ જ્ઞાનસ્વરૂપના આશ્રયમાં રહેતાં રાગાદિ ટળી જાય છે. અવસ્થા તો ક્ષણિક છે અને તે ક્ષણે ક્ષણે ફરી જાય છે તેથી તેના આશ્રયે જ્ઞાન સ્થિર રહેતું નથી પણ તેમાં વૃત્તિ ઊઠે છે. માટે અવસ્થાનું લક્ષ છોડવું જોઈએ, અને ત્રિકાળી શુદ્ધસ્વરૂપ ઉપર લક્ષ સ્થાપવું જોઈએ. બીજી રીતે કહીએ તો નિશ્ચય સ્વભાવ ઉપર લક્ષ કરીને વ્યવહારનું લક્ષ છોડવાથી શુદ્ધતા પ્રગટે છે.

## (૨૦) સમ્યગ્દર્શનનું ફળ

ચારિત્રની શુદ્ધતા એક સાથે સંપૂર્ણ પ્રગટી જતી નથી, પણ ક્રમે ક્રમે પ્રગટે છે. જ્યાં સુધી અપૂર્ણ શુદ્ધદશા રહે છે ત્યાં સુધી સાધકદશા કહેવાય છે. શુદ્ધતા કેટલી પ્રગટે ? કે પહેલાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કરીને જે આત્મસ્વભાવ પ્રતીતમાં આવ્યો છે

> **તજી કલ્પનાજાળ સૌ, પરમ સમાધિલીન;**
> **વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન. ૯૭.** —**શ્રી યોગસાર**

તે સ્વભાવના મહિમા વડે જેટલા જોરથી તે સ્વદ્રવ્યમાં એકાગ્રતા કરે તેટલી શુદ્ધતા પ્રગટે છે. આથી શુદ્ધતાનું પહેલું પગથિયું શુદ્ધાત્માની પ્રતીતિ અર્થાત્ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન પછી પુરુષાર્થ વડે ક્રમે ક્રમે સ્થિરતા વધારીને અંતે પૂર્ણ સ્થિરતા વડે પૂર્ણ શુદ્ધતા પ્રગટ કરીને મુક્ત થઈ જાય છે અને સિદ્ધદશામાં અક્ષય અનંત આત્મસુખનો અનુભવ કર્યા કરે છે. મિથ્યાત્વ ટાળીને સમ્યગ્દર્શન કર્યું તેનું જ આ ફળ છે.

## (૨૧) ઉત્પાદ-વ્યય-ધ્રુવ

પ્રશ્ન :—દ્રવ્ય, ત્રિકાળ ટકનાર છે, તેનો કદી નાશ થતો નથી અને તે કદી બીજા દ્રવ્યમાં ભળી જતું નથી તેની શું ખાતરી ? દૂધ વગેરે વસ્તુઓનો નાશ થતો તો દેખાય છે ? અથવા દૂધ વસ્તુ પલટીને દહીંરૂપ થઈ જાય છે, તો પછી એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં નથી ભળતું એમ કેમ કહી શકાય ?

ઉત્તર :—વસ્તુસ્વરૂપનો એક એવો સિદ્ધાંત છે કે જે વસ્તુ હોય તેનો કદી નાશ ન થાય. જે વસ્તુ ન હોય તેની કદી ઉત્પત્તિ ન થાય અને જે વસ્તુ હોય તેમાં રૂપાંતર થયા જ કરે, અર્થાત્ ટકીને બદલવું. (Permanency with a change) તે વસ્તુનું સ્વરૂપ છે. શાસ્ત્રભાષામાં આ નિયમને 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' એ રીતે બતાવવામાં આવેલ છે. ઉત્પાદ-વ્યય એટલે કે અવસ્થાનું રૂપાંતર અને ધ્રુવ એટલે વસ્તુનું ટકવું—તે દ્રવ્યનો સ્વભાવ છે.

દૂધ પલટીને દહીં થતું દેખાય છે. ત્યાં દૂધ કે દહીં તે મૂળ વસ્તુ નથી પણ તે બંને તો 'પુદ્ગલ' નામની વસ્તુની અવસ્થાઓ છે. પુદ્ગલ વસ્તુ કાયમ ટકનાર છે ને દૂધ-દહીં ઈત્યાદિરૂપ તેનું રૂપાંતર થાય છે. દૂધ પલટીને દહીં થવા છતાં તે બંને હાલતોમાં પુદ્ગલ નામની મૂળ વસ્તુ તો કાયમ ટકી રહી છે. દરેક વસ્તુ પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ધારણ કરે છે. કદી કોઈ વસ્તુ પોતાના અસ્તિત્વને છોડીને બીજામાં ભળી જતી નથી.

## (૨૨) અસ્તિ-નાસ્તિ

દ્રવ્ય અને પર્યાય એ બેના સ્વરૂપમાં એવો ફેર છે કે દ્રવ્ય ત્રિકાળ છે તે બદલી જતું નથી, પણ પર્યાય ક્ષણિક છે તે ક્ષણે ક્ષણે બદલ્યાં કરે છે. પર્યાય બદલવા છતાં દ્રવ્યનો નાશ થતો નથી. દ્રવ્ય પોતાના સ્વરૂપે ત્રિકાળ ટકતું હોવાથી બીજામાં તે કદી ભળી જતું નથી. આને અનેકાંત સ્વરૂપ કહેવાય છે એટલે કે વસ્તુ પોતાના સ્વરૂપથી છે અને તે

> જે પિંડસ્થ, પદસ્થ ને રૂપસ્થ, રૂપાતીત;
> જાણી ધ્યાન જિનોક્ત એ, શીઘ્ર બનો સુપવિત્ર. ૯૮. —શ્રી યોગસાર

બીજાના સ્વરૂપે નથી. જેમ લોઢું તે લોઢા સ્વરૂપે છે અને લોઢું તે લાકડા સ્વરૂપે નથી તેમ જીવ તે જીવ સ્વરૂપે છે પણ જીવ તે જડ સ્વરૂપે નથી. આવો સ્વભાવ હોવાથી કોઈ વસ્તુ અન્યવસ્તુમાં ભળી જતી નથી. પણ દરેક પોતે પોતાના સ્વરૂપે જુદી જ રહે છે.

**(૨૩) નિત્ય–અનિત્ય**

જીવ પોતાના વસ્તુ સ્વરૂપે ટકીને અવસ્થાથી બદલ્યા કરે છે, પરંતુ જીવ જીવરૂપે જ બદલે છે. જીવની અવસ્થા બદલતી હોવાથી સંસારદશાનો નાશ કરીને સિદ્ધદશા થઈ શકે છે. અજ્ઞાનદશાનો નાશ કરીને જ્ઞાનદશા થઈ શકે છે, અને જીવ નિત્ય હોવાથી સંસારદશાનો નાશ થવા છતાં તે મોક્ષદશાપણે ટકી રહે છે. આ રીતે વસ્તુથી અને પર્યાયથી નિત્ય-અનિત્ય સ્વરૂપ છે તે સમજવું જોઈએ.

પરમાણુમાં પણ તેની અવસ્થા બદલે છે, પણ કોઈ વસ્તુનો નાશ થતો નથી. દૂધ વગેરેનો નાશ થતો દેખાય છે ત્યાં વસ્તુનો નાશ થતો નથી. દૂધ કાંઈ મૂળ વસ્તુ નથી પણ તે તો ઘણા પરમાણુઓની સ્કંધરૂપ અવસ્થા છે. અને તે અવસ્થા બદલીને બીજી દહીં વગેરે અવસ્થા થાય છે પરંતુ તેમાં પરમાણુ વસ્તુ તો ટકી જ રહે છે. વળી દૂધ બદલીને દહીં થવાથી વસ્તુ અન્યરૂપે થઈ જતી નથી. પરમાણુ વસ્તુ છે તે તો બધી દશામાં પરમાણુરૂપે જ રહે છે. વસ્તુ કદી પણ પોતાના સ્વરૂપને છોડતી નથી. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે–

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ,<br>
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. (આત્મસિદ્ધિ)

જડ કે ચેતન કોઈ વસ્તુનો સર્વથા નાશ કદી પણ થતો નથી. જો જ્ઞાનસ્વરૂપ ચેતનવસ્તુ નાશ પામે તો તે શેમાં ભળે ? ચેતનનો નાશ થઈને શું તે જડમાં પેસી જાય ? એમ કદી ન બને. તેથી ચેતન તે સદાકાળ ચેતનપણે પરિણમે છે, જડ તે સદાકાળ જડપણે પરિણમે છે, પણ વસ્તુ કદી નાશ પામતી નથી.

પર્યાય બદલતા વસ્તુનો નાશ માની લેવો તે અજ્ઞાન છે, અને વસ્તુની પર્યાય બીજો બદલાવે એમ માનવું તે પણ અજ્ઞાન છે. વસ્તુ કદી પર્યાય વગર હોતી નથી અને પર્યાય કદી વસ્તુ વગર હોતી નથી. જે અનેક પ્રકારની અવસ્થાઓ થાય છે તે નિત્ય ટકતી વસ્તુ વગર ન હોય. જો નિત્ય ટકતો પદાર્થ ન હોય તો અવસ્થા ક્યાંથી આવે ? દૂધ, દહીં, માખણ, ઘી વગેરે સર્વ અવસ્થાઓ છે તેમાં નિત્ય ટકતી મૂળ વસ્તુ પરમાણુ છે. દૂધ વગેરે પર્યાય હોવાથી તે બદલી જાય છે પણ તે કોઈ પણ અવસ્થામાં પરમાણુ પોતાનું પરમાણુપણું છોડતું નથી. કેમકે તે વસ્તુ છે–દ્રવ્ય છે ? (ક્રમશઃ) ❊

જેના સેવનથી ભવનો પાર પમાય ને મોક્ષસુખ મળે

# એવા જૈનમાર્ગનો પરમ મહિમા

જૈન સંપ્રદાયમાં આવીને પણ જેઓ અનેકવિધ વિષયકષાયના પોષક કુમાર્ગને સેવી રહ્યા છે એવા જીવો પ્રત્યે અત્યંત કરુણાથી, જૈનમાર્ગના પરમ મહિમાપૂર્વક ગુરુદેવ કહે છે કે—

અરે જીવ ! તું મનુષ્ય થઈને જૈનસંપ્રદાયમાં આવ્યો, પંચપરમેષ્ઠી ભગવાન તને નિમિત્ત તરીકે મળ્યા. એમની રત્ન જેવી વાણી તને મળી, અને હજી તું બીજે જ્યાં-ત્યાં કુમાર્ગમાં ભટક !—એ તો શરમ છે... કલંક છે. ઈન્દ્રો જેને ભક્તિથી પૂજે એવા ભગવાન તને નિમિત્તપણે મળ્યા અને હજી તું બીજા અજૈન રસ્તે જા—એ તે કાંઈ શોભે છે !

બાપુ ! અરિહંત અને સિદ્ધ જેવા પરમાત્મા દેવ, અને આચાર્ય-ઉપાધ્યાય-સાધુ જેવા વીતરાગી ગુરુઓ, ને તેમની અલૌકિક વાણી, આવો મહાન યોગ મળવો બહુ મોંઘો છે. અરે, આવી ઉત્તમ વસ્તુ તને મળી, જૈનધર્મ તને મળ્યો,—તેમણે મહાન ચૈતન્યનિધાન તને તારામાં બતાવ્યા, તો હવે બીજે ભટકવાનું છોડ.... ને અંદર તારા ચૈતન્ય-નિધાનને દેખ. અરે, પંચપરમેષ્ઠી ભગવંતોનો કેટલો મહિમા છે ! એને તો ઓળખ.... તોય તને કુમાર્ગમાંથી પ્રેમ છૂટી જશે. આ જગતમાં જૈનમાર્ગ સિવાય સજ્જનોને બીજું કોઈ શરણ નથી.

અરે જીવ ! જૈનમાર્ગ પામીને તને એમ મહિમા આવવો જોઈએ કે અહા ! આવો સુંદર જૈનમાર્ગ, ગુરુપ્રતાપે આ કળિકાળમાં મહાભાગ્યે મને મળ્યો—કે જેના સેવનથી મારા ભવદુઃખનો અંત આવે ને મને મોક્ષનું મહાન સુખ મળે. તો હવે જગત આખાને એકકોર મૂકીને આવો પરમહિતકર જૈનમાર્ગ અને વીતરાગી પંચપરમેષ્ઠી ભગવંતોને બરાબર ઓળખીને તેનો અત્યંત મહિમા લાવીને, તેમણે બતાવેલા મારા આત્મસ્વરૂપને ઓળખીને, આ અવસરમાં આત્મહિતને સાધી જ લઉં.

**અહો ધન્ય છે આ જગતમાં પંચ પરમેષ્ઠી ભગવંતો,**
**અને તેમણે બતાવેલો જૈનધર્મ.**



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—દ્રવ્ય અને પર્યાય બે ધર્મને જુદા બતાવવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :—બે ધર્મ ભિન્ન છે તેની પ્રસિદ્ધિ કરવાનું પ્રયોજન છે. પર્યાય એક સમયની છે અને તેની પાછળ ધ્રુવદળ તો ત્રિકાળ એવું ને એવું રહ્યું છે એને જ્ઞેય બનાવવું જોઈએ.

પ્રશ્ન :—આત્માના પર્યાયધર્મનો સ્વીકાર ન કરવાથી શું નુકશાન થાય?

ઉત્તર :—જો આત્માના પર્યાયધર્મને જાણે તો પરના આશ્રયે પોતાની પર્યાય થવાનું માને નહિ. પણ દ્રવ્યના આશ્રયે જ પર્યાય થવાનું માને, એટલે તેને પરથી લાભ-નુકશાન થાય એવી મિથ્યાબુદ્ધિ રહે જ નહિ. જો પરથી પોતાની પર્યાયમાં લાભ-નુકશાન માને તો તેણે આત્માના પર્યાયધર્મને ખરેખર જાણ્યો નથી. પર્યાય ધર્મ પોતાનો છે, કોઈ બીજી ચીજને લીધે તેનો પર્યાય ધર્મ થતો નથી. જો બીજો પદાર્થ આત્માની પર્યાય કરે તો આત્માના પર્યાય ધર્મે શું કર્યું? જો નિમિત્તથી પર્યાય થઈ એમ હોય તો આત્માનો પર્યાય ધર્મ જ ન રહ્યો! પોતાની અનાદિ અનંત પર્યાયો પોતાથી જ થાય છે—એમ જો પોતાના પર્યાયધર્મને ન જાણે તો જ્ઞાન પ્રમાણ થાય નહિ.

પ્રશ્ન :—કોઈ અપેક્ષાએ દ્રવ્ય પરિણામી છે ને?

ઉત્તર :—દ્રવ્ય તો અપરિણામી છે, બંધ મોક્ષના પરિણામને દ્રવ્ય કરતું નથી, પણ પર્યાયદૃષ્ટિથી કહેવું હોય તો પર્યાય ધ્રુવમાંથી આવે છે ને ધ્રુવમાં જાય છે તેથી પર્યાય અપેક્ષાએ દ્રવ્ય પરિણમન કરે છે. દ્રવ્યદૃષ્ટિએ નિષ્ક્રિય છે, પર્યાયદૃષ્ટિ અપેક્ષાએ સક્રિય છે.

પ્રશ્ન :—દ્રવ્ય-પર્યાયને જુદા સિદ્ધ કરવાનું શું પ્રયોજન છે?

ઉત્તર :—ત્રિકાળી દ્રવ્ય અને પ્રગટ પર્યાય એ બન્ને ભિન્ન-ભિન્ન ધર્મો અસ્તિરૂપ છે તે બન્ને ધર્મોનું પરસ્પર ભિન્ન અસ્તિપણું સિદ્ધ કરવાનું પ્રયોજન છે.

પ્રશ્ન :—જ્ઞાનગુણમાં જેટલા અવિભાગ-પ્રતિચ્છેદ છે એટલા અવિભાગ-પ્રતિચ્છેદ બધા ગુણોમાં છે?

ઉત્તર :—હા, જેટલા અવિભાગ-પ્રતિચ્છેદ એક જ્ઞાનગુણમાં છે તેટલા જ અવિભાગ-પ્રતિચ્છેદ શ્રદ્ધા-ચારિત્ર-વીર્ય આદિ બધા ગુણોમાં છે. જેનો ભાગ કરતાં બીજો ભાગ થઈ શકે નહિ એવા અવિભાગ-પ્રતિચ્છેદ એક ગુણમાં અનંત છે, એ અનંત અવિભાગ-પ્રતિચ્છેદ કેવળજ્ઞાન થતાં પૂરા પ્રગટ થવા છતાં જ્ઞાનગુણમાંથી તે ઘટતાં નથી, એવો જ સ્વભાવ છે. આ બહુ ઝીણી વાત છે. જ્ઞાન સિવાય બીજા ગુણો જાણતાં નથી એથી બીજા ગુણોના અવિભાગ-પ્રતિચ્છેદ ઓછા છે એમ નથી.

પ્રશ્ન :—પરિણામી નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા છે એ વળી પૂર્વ પર્યાયનો વ્યય કર્તા છે તે કઈ રીતે?

ઉત્તર :—ખરેખર તો ઉત્પાદની પર્યાયનો કર્તા ઉત્પાદ જ છે પણ અભેદ ગણીને ઉપચારથી પરિણામીને કર્તા કહેવાય. પરંતુ દ્રવ્ય તો પરિણમતું જ નથી. દ્રવ્ય તો નિષ્ક્રિય છે, પલ્ટે છે તે પર્યાય છે. વ્યયને ઉત્પાદનો કર્તા કહેવો તે પણ વ્યવહાર છે. ષટ્કારકના પરિણામ ધ્રુવ અને વ્યયની અપેક્ષા વિના સ્વયંસિદ્ધ ઉત્પાદ થાય છે.

પ્રશ્ન :—શાસ્ત્રમાં પર્યાયને અભૂતાર્થ કેમ કહી છે? શું તેની સત્તા નથી?

ઉત્તર :—ત્રિકાળી સ્વભાવને મુખ્ય કરીને ભૂતાર્થ કહ્યો અને પર્યાયને અભૂતાર્થ કહી એટલે કે પર્યાય નથી—એમ કહ્યું—ત્યાં પર્યાયને ગૌણ કરીને નથી એમ કહ્યું છે, એથી પર્યાય સર્વથા નથી જ એમ નથી. તેમ સમ્યગ્દષ્ટિને રાગ નથી, દુઃખ નથી તેમ કહ્યું છે એથી પર્યાયમાં રાગ કે દુઃખ સર્વથા નથી જ એમ નથી. પર્યાયમાં જેટલો રાગ છે એટલું દુઃખ પણ છે. સમ્યગ્દષ્ટિને રાગ કે દુઃખ નથી એમ કહ્યું છે એ તો દૃષ્ટિની પ્રધાનતાથી કહ્યું છે; પણ પર્યાયમાં જેટલો આનંદ છે તેને પણ જ્ઞાન જાણે છે અને જેટલો રાગ છે એટલું દુઃખ પણ સાધકને છે તેમ જાણે છે. પર્યાયમાં રાગ છે દુઃખ છે તેને જો જ્ઞાન જાણે નહિ તો ધારણાજ્ઞાનમાં પણ ભૂલ છે. સમ્યગ્દષ્ટિને દૃષ્ટિનું જોર બતાવવા આસ્રવ નથી તેમ કહ્યું છે પણ જો આસ્રવ સર્વથા ન હોય તો મુક્તિ હોવી જોઈએ. કર્તા-કર્મ અધિકારમાં સમ્યગ્દષ્ટિને રાગ થાય છે તેનો કર્તા પુદ્ગલ કર્મ છે, આત્મા કર્તા નથી તેમ કહ્યું છે અને પ્રવચનસારમાં જ્ઞાનીને રાગ થાય છે તેનો કર્તા આત્મા છે, રાગનો અધિષ્ઠાતા આત્મા છે તેમ કહ્યું, છતાં એકાંત માને કે જ્ઞાની રાગનો કે દુઃખનો કર્તા કે ભોક્તા નથી તે જીવ નયવિવક્ષાને સમજતો નહિ હોવાથી મિથ્યાદૃષ્ટિ છે.

એક પર્યાય જેટલો પોતાને માનવો એ પણ મિથ્યાત્વ છે. તો રાગને પોતાનો માનવો, શરીરને પોતાનું માનવું, માતા-પિતા-પત્ની-ધન-મકાનને પોતાના માનવા એ તો મોટું મિથ્યાત્વ છે. આહાહા! એને બહુ ફરવું પડશે! અનેક પ્રકારના મિથ્યાત્વના લાકડા છોડશે ત્યારે આત્માની સન્મુખ જઈ શકશે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—મૂલ્યવાન દૃષ્ટિ છે?

બહેનશ્રીઃ—હા, દૃષ્ટિ મૂલ્યવાન છે.

મુમુક્ષુઃ—દૃષ્ટિ જે કામ કરે છે તે જણાય છે તો જ્ઞાનમાં?

બહેનશ્રીઃ—જ્ઞાનમાં જણાય છે પણ દૃષ્ટિ બળવાન છે, જોરદાર છે. એક સામાન્ય ઉપર દૃષ્ટિ સ્થાપતાં (સ્વરૂપમાં) લીનતા થાય છે.

જેમ કોઈ માણસે એમ નક્કી કર્યું હોય કે મારે આ પ્રમાણે આ એક જ કાર્ય કરવાનું છે, તો પછી તે એક કાર્ય સિવાય આજુબાજુનું બીજું કાંઈ જોવે નહિ અને દૃઢતાથી કાર્ય કર્યા કરે તેમ એક પછી એક વચ્ચે બધા ભેદો આવે, પણ તેના ઉપર દૃષ્ટિ નહિ દેતાં સામાન્ય એક આત્મા ઉપર જ દૃષ્ટિ દેતાં તેના બળથી લીનતાની પરિણતિ પ્રગટ થાય છે.

મુમુક્ષુઃ—જ્ઞાનમાં પણ એવું બળ આવે છે?

બહેનશ્રીઃ—જ્ઞાનમાં બધું જાણવાનું આવે છે. જોકે જ્ઞાનમાં બળ આવે છે, પણ દૃષ્ટિમાં વધારે બળ આવે છે. જ્ઞાનમાં બધાં પડખાંને જાણવાનું કાર્ય હોય છે કે આ અધૂરું છે ને આ પૂરું છે. આ કેવળજ્ઞાન છે, આ સાધકદશા છે, આ ગુણભેદ ને પર્યાયભેદ છે એમ જ્ઞાન બધું જાણે તેમ જ એક અખંડનું બળ પણ જ્ઞાનમાં છે, છતાં પણ તે જાણવાપણે છે. એક સામાન્ય જ જેણે ગ્રહણ કર્યો છે તે દૃષ્ટિ વધારે બળવાન છે.

પ્રશ્ન :— પુરુષાર્થ કેમ કરવો?

સમાધાન :—જો રુચિની ઉગ્રતા થાય તો પુરુષાર્થ થયા વગર રહે નહિ. 'રુચિ અનુયાયી વીર્ય.' રુચિ જે તરફ જાય તે તરફનો પુરુષાર્થ થાય જ; પણ પોતાની રુચિ મંદ હોય તો પુરુષાર્થ ઊપડતો નથી. થાય છે, થાશે એમ પોતાને થયા કરે પણ ઉગ્ર ભાવના ન થાય ત્યાં સુધી પુરુષાર્થ થતો નથી. રુચિ ઉગ્ર થાય તેને બહાર રોકાવું ગમે નહિ, ક્ષણે ક્ષણે આત્માની લગની લાગે, રાત–દિવસ ક્યાંય ચેન ન પડે, એવું અંદર થાય તો પોતાનો પુરુષાર્થ ઉગ્ર થાય, પણ મંદ મંદ રહ્યા કરે છે એટલે આગળ જઈ શકતો નથી.

**સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;**
**તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૯૯. –શ્રી યોગસાર**

મુમુક્ષુઃ—અંતર સન્મુખ પુરુષાર્થ રુચિના જોરે થાય?

બહેનશ્રીઃ—રુચિ ઉગ્ર હોય તો અંતર સન્મુખ પુરુષાર્થ સહજ થાય. રુચિ પોતા તરફ જાય તો પુરુષાર્થ પણ તે તરફ જાય.

મુમુક્ષુઃ—તો પુરુષાર્થ કરવાનો ન રહ્યો પણ રુચિ કરવાની રહી?

બહેનશ્રીઃ—બંનેને સંબંધ છે, રુચિ થાય એટલે પુરુષાર્થ સાથે થાય જ.

મુમુક્ષુઃ—બંનેમાં મુખ્યતા કોની?

બહેનશ્રીઃ—રુચિની મુખ્યતા હોય છે.

મુમુક્ષુઃ—રુચિ ખૂબ ઊંડાણથી જાગૃત કરવા માટે શું કરવું?

બહેનશ્રીઃ—પોતે અકારણ પારિણામિક દ્રવ્ય છે, તેથી રુચિ પોતાને જ કરવાની છે. આ સ્વભાવ જ આદરણીય છે, વિભાવ આદરણીય નથી. વિભાવમાં સુખ નથી, તેની સાથે એકત્વબુદ્ધિ કરવી તે ખોટું–અયથાર્થ છે. યથાર્થ આત્મતત્ત્વ વિભાવથી જુદું હોવા છતાં તેમાં એકત્વ માની રહ્યો છું તે ખોટું માન્યું છે, વિપરીત માન્યું છે. આમ યથાર્થ જ્ઞાનપૂર્વક નિશ્ચય કરીને પોતે રુચિને દૃઢ કરતો રહે. જ્ઞાન, રુચિ, પુરુષાર્થ–બધાને સંબંધ છે. તેથી યથાર્થ જ્ઞાનથી નિશ્ચય કરવો જોઈએ કે બહારમાં ક્યાંય સુખ નથી, આત્મામાં સુખ છે. બે તત્ત્વો જુદાં છે. આ વિભાવતત્ત્વ જુદું છે ને મારું આત્મતત્ત્વ જુદું છે એમ નક્કી કરીને રુચિનું જોર વધારવું.

પ્રશ્ન :—આ બધું એકલા વિકલ્પમાં બેસે તો ચાલે ખરું?

સમાધાન :—પહેલાં વિકલ્પ હોય છે, નિર્વિકલ્પ તો પછી થાય છે. પહેલાં તો અભ્યાસ જ હોય છે અને તે અભ્યાસ ઊંડાણથી થાય તો પણ તેનો નિર્ણય એમ હોવો જોઈએ કે આ અભ્યાસ વિકલ્પમાં છે, અંદર ઊંડું જવાનું બાકી છે. આમ ધ્યેય રાખે તો ઊંડો જવાનો પ્રયત્ન થાય. પરંતુ વિકલ્પ માત્રમાં અટકી જાય કે મેં ઘણું કર્યું, તો આગળ ન જવાય. આ વિકલ્પ માત્ર અભ્યાસ છે, હજી તેનાથી આગળ જવાનું છે; એમ ધ્યેય હોવું જોઈએ. જો એમ ધ્યેય રાખે તો આગળ જવાય.

મુમુક્ષુઃ—ધ્યેય ધ્રુવનું રાખીને અભ્યાસ કરવો?

બહેનશ્રીઃ—હા, ધ્રુવનું ધ્યેય રાખવું જોઈએ, તો આગળ જવાય.

મુમુક્ષુઃ—ધ્રુવનું લક્ષ રાખીને વાત સાંભળવી તે શું વિકલ્પાત્મક ભૂમિકા છે?

બહેનશ્રીઃ—તે વિકલ્પાત્મક ભૂમિકા છે. ધ્રુવનું ધ્યેય હોવું જોઈએ કે આગળ જવાનું છે, નિર્વિકલ્પ થવાનું છે.

## બાળ વિભાગ

## કલાકાર અંગારકની કથા

(જેણે પોતાના આત્મારૂપી આભૂષણમાં સમ્યક્ રત્નને જડીને સાચી કલા પ્રગટ કરી, જ્ઞાનકલા પ્રગટ કરી—એવા મહાન કલાકારની કથા) (ગતાંકથી આગળ)

થોડીવાર શાંત રહીને તેણે ફરીથી મુનિરાજને કહ્યું—

‘‘પ્રભુ ! હે પ્રભુ ! આપના અમૃતમય વચનથી આજ મેં નવું જીવન પ્રાપ્ત કર્યું છે. નાથ ! આ પાપમય સંસારથી હવે મારો ઉદ્ધાર કરો...બસ, હવે મને નિર્ગ્રન્થ મુનિદીક્ષા પ્રદાન કરી અને મારું કલ્યાણ કરો.’’

ત્યારે મુનિરાજે કહ્યું—‘‘હે બંધુ ! તારો ભાવ ઉત્તમ છે...પણ તે પહેલા આ પદ્મરાગમણિ લઈને રાજાને પાછો આપી આવ.’’

‘‘પ્રભુ ! આ પદ્મરાગમણિને અડતા પણ મારો હાથ કાંપે છે’’

‘‘વત્સ ! એમ સમજ કે આ મણિના નિમિત્તથી જ આજ તારા ભાવોમાં આ મહાન પરિવર્તન થયું છે.’’

અંગારકે કાંપતે હાથથી મણિને ઉઠાવ્યો...અને મુનિરાજના ચરણમાં નમસ્કાર કરીને રાજદરબાર તરફ ચાલ્યો.

‘‘લ્યો મહારાજ ! આપનો આ પદ્મરાગમણિ !!’’

અંગારકે કાંપતે હાથે મણિ મહારાજને સોંપી દીધો. મણિને જેવો છે તેવો પાછો મેળવી મહારાજે વિસ્મયથી પૂછ્યું—

‘‘કેમ કલાકાર ! આ મણિને પાછો કેમ આપી રહ્યા છો ?’’

‘‘રાજન્ ! આ મણિને આભૂષણમાં જડવાનું કામ મારાથી નહીં બની શકે.’’

‘‘અરે ! અંગારક આ શું કહો છો ? તમારા જેવો કુશળ કારીગર આ કામ ન કરી શકે તો કોણ કરી શકશે ?’’

‘‘રાજન્ ! આવા મણિ-રત્નોને જડી-જડીને અનેક આભૂષણોની શોભા મેં વધારી છે....અને તેમાં જ આખી જીંદગી સમાપ્ત કરી દીધી...પણ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપી રત્નોથી મેં મારા આત્માને આજ સુધી વિભૂષિત કર્યો નથી.... મહારાજ ! હવે તો જીવનમાં આ રત્નોને જડીને તેનાથી આત્માની શોભા વધારવી છે.’’

“કલાકારને અચાનક આ શું થઈ ગયું છે?”—તે જ્યારે રાજાને સમજમાં ન આવ્યું... ત્યારે રાજાએ અંગારકને પૂછ્યું—

“પણ કલાકાર! વાત શું થઈ ગઈ? તે તો બતાવો?

ત્યારે અંગારક બોલ્યો : “રાજન્! આપના આ મણિના નિમિત્તથી આજ એક એવી ઘટના ઘટી કે જેનો વૃત્તાંત કહેવો મારા માટે સંભવ નથી. પણ એટલું જરૂર છે કે આ મણિને આભૂષણમાં જડવાથી મને જે ઈનામ મળવાનું હતું તેનાથી મહાન વિશેષ અનંત પુરસ્કાર આજે મને મળી ગયું છે. રાજન્! હું રત્નત્રયમણિથી મારા આત્માને વિભૂષિત કરવા જઈ રહ્યો છું...”

રાજાએ કહ્યું—“પણ આ એક મણિને જડવાનું કામ તો પૂરું કરી દો...”

“નહીં રાજન્! હવે આ અંગારક પહેલા જેવો કલાકાર નથી રહ્યો. હવે તો હું આ આત્માને સમ્યક્ત્વ આદિ મણિથી જડવા જઈ રહ્યો છું...”—આમ કહીને અંગારક રાજભવનથી બહાર નીકળી ગયો.

રાજા દિગ્મૂઢ થઈને બહારની તરફ જોતાં જ રહી ગયા. ઘણા વિચાર કરીને આ ઘટનાના રહસ્યને તે સમજી શક્યા નહીં.

બીજે દિવસે, જ્યારે નગરીના ધર્મપ્રેમી મહિલા-પુરુષ શ્રી જ્ઞાનસાગર મુનિ મહારાજના દર્શન કરવા આવ્યા... ત્યારે તેમની સાથે એક નવા મુનિરાજને જોઈને નગરજનો વિસ્મિત થઈ ગયા... અને બધાએ ભક્તિપૂર્વક તે મુનિરાજના ચરણોમાં પણ પોતાનું મસ્તક નમાવ્યું. અરે! આ તો આપણો સોની.... કલાકાર અંગારક છે! આપણી નગરીના એક નાગરીકને આ પ્રમાણે મુનિદશામાં જોઈને બધાને મહાન આશ્ચર્ય થયું....અને તુરંત આ વાત સારી નગરીમાં વિજળીની માફક ફેલાઈ ગઈ.

રાજાને પણ જ્યારે આ વાતની ખબર પડી તો તે તરત જ ત્યાં પહોંચી ગયા...અને મુનિરાજની વંદના આદિ કરીને પૂછ્યું—

“પ્રભો! કાલનો કલાકાર આજે અચાનક અધ્યાત્મયોગી બની ગયો એમાં શું રહસ્ય છે. આ બધું જાણવા અમે સૌ અત્યંત આતુર થઈ રહ્યા છીએ.”

શ્રી જ્ઞાનસાગર મુનિરાજે મણિના ગુમ થવાથી અને મળવા સુધીની બધી જ વાત વિસ્તારપૂર્વક બતાવીને આ રહસ્યને ખોલ્યું અને કહ્યું—

“રાજન્! હવે તે પોતાના આત્માને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્-

ચારિત્રરૂપી ત્રણ રત્નોમાં જડી ચૂક્યો છે.—આ ત્રણેય ચૈતન્ય મણિઓના પ્રકાશથી તેનો આત્મા જગમગી રહ્યો છે અને તેનો મોહાંધકાર નાશ પામ્યો છે. હવે તે જડ-પત્થરોનો કલાકાર ન રહેતા ચૈતન્ય મણિનો કલાકાર બની ગયો છે.''

કલાકારની રોમાંચક વાત સાંભળતા રાજા અને પ્રજા અત્યંત વિસ્મિત અને હર્ષિત થયા... બધાએ એક અવાજે કહ્યું—''રત્નત્રય કલાકારની જય'....''અંગારક કલાકારની જય''.... ''શ્રી જ્ઞાનસાગર મુનિ મહારાજની જય''....વગેરે શબ્દોથી જય-જયકાર કરતા આકાશને ગુંજાયમાન કરી દીધું.

ત્યારબાદ રાજાએ તે જ પદ્મરાગમણિથી અંગારક મુનિના ચરણોની પૂજા-અર્ચના કરી...કલાકારે જે મણિ પાછો કર્યો હતો તે જ મણિ ફરીથી તેમના જ ચરણોમાં જગમગી રહ્યા હતો.

આ અત્યંત આનંદનું દશ્ય જોઈ મોર પણ આનંદથી પોતાની પાંખો ફેલાવી નાચવા લાગ્યો.

ધન્ય છે આવા અંગારક મુનિરાજ ધન્ય છે, તેમની હંમેશા જય હો.

---

### ✻ મંગલ પત્રિકાલેખન વિધિ ✻

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૦૬મો જન્મોત્સવ અખિલ વિશ્વ શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવા મંડળ—સોનગઢ દ્વારા ઊજવવામાં આવનાર છે તેની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૪-૭-૨૦૧૯ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે નંદીશ્વર જિનાલયમાં અષ્ટાહ્નિક પૂજન પછી પરમાગમમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું હતું. આ પ્રસંગે બ્ર. બહેનો દ્વારા સ્વાધ્યાયમંદિર વિશેષરૂપે સજાવવામાં આવ્યું હતું. ત્યાં બ્ર. કોકિલાબેન ખારાએ પૂજ્ય બહેનશ્રીની ઉપસ્થિતિના સમયના મહોત્સવના પ્રસંગો તથા બ્ર. બહેનો સાથેના પૂજ્ય બહેનશ્રીના યાદગાર સ્મરણો ભાવવાહી રીતે કહ્યા હતા. ત્યારબાદ પત્રિકાને પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને ભક્તિપૂર્વક લઈ જવામાં આવી હતી અને ત્યાંથી પરમાગમમંદિરમાં લાવવામાં આવી હતી. પત્રિકાનું વાંચન પ્રતિષ્ઠાચાર્ય બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ (વઢવાણ) દ્વારા કરવામાં આવ્યું. પશ્ચાત્ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ. આ પત્રિકા લેખનના સૌજન્યનો લાભ સોનગઢના બ્ર. બહેનોએ લીધો હતો. આ પ્રસંગે સોનગઢ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ, યુવકમંડળના સભ્યો તથા બહારગામથી ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા.

## આત્મધર્મના ગ્રાહકો માટે

આત્મધર્મના સર્વે ગ્રાહકોને જણાવવાનું કે ગુજરાતી આત્મધર્મ દરેક મહિનાની પહેલી તારીખે મોકલવામાં આવે છે તથા આપણી **website : www.kanjiswami.org** ઉપર મૂકવામાં આવે છે. જે વેબસાઈટથી વાંચી શકાય છે. એ ઉપરાંત તે ફીઝીકલ પ્રતના બદલે **whatsApp**થી પણ મંગાવી શકાશે. **whatsApp**થી મંગાવવા હોય તો સોનગઢના **SMS** ગ્રુપમાં જોઈન્ટ થવા માટે **(M) 9276867578** અથવા **(M) 9372136358** ઉપર કોન્ટેકટ કરવા વિનંતી. આપને આત્મધર્મ ચાલુ રાખવું હોય, બંધ કરવું હોય, **whatsApp**થી મંગાવવું હોય કે સરનામામાં ફેરફાર કરવો હોય સર્વેએ ગ્રાહક નંબર સાથે ફોનથી, પત્રથી અથવા **email : contact@kanjiswami.org** ઉપર નીચેની વિગત તા. ૧૫-૯-૨૦૧૯ સુધી અચૂક મોકલવા વિનંતી છે.

ફોન નં. ૦૨૮૪૬-૨૪૪૩૩૪
૦૨૮૪૬-૨૪૪૩૫૮

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦

ગ્રાહક નં......................... ભાષા : ગુજરાતી / હિન્દી

એડ્રેસ :______________________________

______________________________

______________________________

મોબાઈલ નં. ____________________ સહી

હું આત્મધર્મ ચાલુ રાખવા / બંધ કરવા / **whatsApp**થી મંગાવવા ઈચ્છું છું. ____________________

ઊંધી માન્યતા અને રાગ-દ્વેષાદિ બંધનું કારણ એક જ છે. ગરીબમાંથી ધનાઢ્ય થાય છે તે અઘાતિ કર્મના નિમિત્તે થાય છે. પૂર્વે જે પ્રમાણે કર્મ બાંધ્યું હોય એટલા જ પ્રમાણમાં સામગ્રી મળે છે. તે સામગ્રી શરીરાદિ અને પૈસો આદિ બંધનું કારણ નથી. કંચન-કામિની અને કુટુંબ તે બંધનનું કારણ નથી. માટે એને છોડવાથી બંધન છૂટતું નથી. તે કુટુંબાદિ તો અઘાતિ કર્મનું ફળ છે. કુટુંબની મમતા કરે તે સંસારવૃદ્ધિનું કારણ છે. કુટુંબ સંસારનું કારણ નથી. દીકરા-દીકરી-વહુ-વેવાઈ-સ્ત્રી આદિ મળેલા છે તે બધા આત્માથી દૂર, ભિન્ન છે તે કાંઈ દોષનું કારણ નથી. શરીર ઈન્દ્રિયાદિ તો એક ક્ષેત્રાવગાહી છે એ પણ બંધનું કારણ નથી. તો પછી આ ધનાદિ તો આત્માથી ઘણા દૂર છે. એ તો પૂર્વ કર્મના કારણે મળેલા છે તે આત્માને બંધનું કારણ નથી. કારણ કે પરદ્રવ્ય બંધનું કારણ હોય નહીં, એમ નક્કી કરે તો મોહનાં નાશનો ઉપાય કરે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત

## પૂજા-ભક્તિ સાહિત્ય

| | |
|---|---|
| श्री दशलक्षण विधान पूजा | १०=०० |
| श्री विधान पूजा संग्रह | २०=०० |
| श्री सिद्धचक्र विधान पूजा | २०=०० |
| श्री पंचमेरु नंदीश्वर विधान पूजा | १०=०० |
| श्री षोडशकारण भावना विधान | १०=०० |
| श्री त्रिलोक अकृत्रिम जिनालय पूजा | १०=०० |
| श्री जिनेन्द्र पूजा संग्रह | ३०=०० |
| श्री समवसरण विधान पूजा | १२=०० |
| श्री चौसठ ऋद्धि मंडल विधान | १०=०० |
| श्री पंचपरमेष्ठी पूजन विधान | १०=०० |
| श्री तीर्थमंडल विधान पूजा | १०=०० |
| श्री जंबूद्वीपस्थ शाश्वत विधान पूजा | २०=०० |
| श्री सुवर्णपुरी तीर्थ पूजना विधान | १५=०० |
| श्री त्रय लघु विधान | १०=०० |
| श्री जिनेन्द्र पंचकल्याणक पूजा | १०=०० |
| श्री सिद्धपरमेष्ठी पूजा विधान | १०=०० |
| श्री देव-गुरु-शास्त्र आरती प्रासंगिक भक्ति | १०=०० |
| श्री विदेहक्षेत्रस्थ विद्यमान विंशति तीर्थंकर पूजा | १०=०० |
| श्री रत्नत्रय विधान | १०=०० |
| श्री वर्तमान चतुर्विंशति विधान | १०=०० |
| श्री जिन सहस्रवसुनाम पूजा विधान | २५=०० |
| श्री समवसरण स्तुति | १०=०० |
| श्री नंदीश्वर भजन-पूजन | १०=०० |
| શ્રી જિનેન્દ્ર પૂજા પલ્લવ | ૫=૦૦ |
| શ્રી જિનેન્દ્ર પૂજા પ્રસાદ અને સ્વાધ્યાય સુધા | ૨૫=૦૦ |
| શ્રી જિનેન્દ્ર ભજનમાળા | ૧૦=૦૦ |
| શ્રી જિનેન્દ્ર સ્તવનમંજરી | ૧૮=૦૦ |
| શ્રી સમવસરણ સ્તુતિ | ૫=૦૦ |
| શ્રી ગુરુસ્તુતિ આદિ સંગ્રહ | ૭=૦૦ |
| શ્રી શાસ્ત્ર સ્વાધ્યાય | ૨૫=૦૦ |
| શ્રી જિનેન્દ્ર સ્તવનમાળા | ૧૧=૦૦ |
| શ્રી જિનેન્દ્ર પૂજા સંગ્રહ | ૩૦=૦૦ |
| તીર્થમંડળ વિધાન પૂજા | ૧૦=૦૦ |
| શ્રી જિનેન્દ્ર સ્તવનાવલી | ૭=૫૦ |
| પંચ પરમાગમ હરિગીત તથા ભક્તામર (છ બુકનો સેટ) | ૪૮=૦૦ |

### નીચેના પ્રકાશનો પ્રેસમાં છે જે થોડા જ સમયમાં વેચાણવિભાગમાં ઉપલબ્ધ થશે

| | |
|---|---|
| भगवान हनुमान | १०=०० |
| दर्शन कथा | १०=०० |
| भगवान पारसनाथ | १०=०० |
| धन्यकुमार चरित्र | १०=०० |
| महारानी चेलना | १०=०० |
| अकलंक-निकलंक | १०=०० |
| सम्यक्त्व कथा | १०=०० |
| समयसार (हिन्दी) | ५० =०० |
| पूज्य गुरुदेवश्रीके वचनामृत (हिन्दी) | १० =०० |
| पूज्य बहिनश्रीके वचनामृत (हिन्दी) | १० =०० |

## Address

पुस्तक विभाग
श्री दिगम्बर जैन स्वाध्यायमंदिर ट्रस्ट
सोनगढ- (जि. भावनगर, गुजरात)
पीन : ३६४२५०
विशेष जानकारी हेतु
फोन नं. ०२८४६ २४४३३५

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

✱ **રક્ષાબંધન પર્વ** :—શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૫-૮-૨૦૧૯, ગુરુવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઊજવવામાં આવશે.

✱ **જ્ઞાનવૈભવ-પ્રકાશન વાર્ષિક દિવસ** :—'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૨૯-૮-૨૦૧૯ ગુરુવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

✱ **દશલક્ષણપર્યુષણ પર્વ** :—ભાદરવા સુદ ૫, મંગળવાર તા. ૩-૯-૨૦૧૯ થી ગુરુવાર તા. ૧૨-૯-૨૦૧૯ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુપણ પર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૧૧-૯-૨૦૧૯ બુધવારથી તા. ૧૩-૯-૨૦૧૯ શુક્રવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

✱ **ઉત્તમ ક્ષમાવણી પર્વ** :—ભાદરવા વદ-૧, રવિવાર તા. ૧૫-૯-૨૦૧૯ના દિવસે ક્ષમાવણી પર્વ સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

અજ્ઞાની સુખને ઇચ્છે છે પણ સાચા સુખના ઉપાયનું ભાન નથી. જ્ઞાન નથી તેથી દુઃખના ઉપાયને સુખ જાણી જાણીને દુઃખમાં ઝંપલાવી મરે છે. અહા ! સુખના સાચા ઉપાયના ભાન વિના સુખ મળે નહિ માટે સુખી થવા ઇચ્છનારે સુખનો સાચો ઉપાય શું છે તે જાણવું જરૂરી છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

## (૭૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(કૌંસમાં આપેલ વિકલ્પમાંથી સાચો ઉત્તર લખો.)

| | | |
|---|---|---|
| (૧) | નય ................ હોય છે. | (૨, ૫, ૪) |
| (૨) | ગુણના ................ ભેદ હોય છે. | (૩, ૨, ૪) |
| (૩) | સામાન્ય ગુણનાં ............... ભેદ હોય છે. | (૭, ૫, ૬) |
| (૪) | મુખ્ય કર્મો ................ હોય છે. | (૮, ૯, ૫) |
| (૫) | ગુપ્તિ ................ હોય છે. | (૬, ૫, ૩) |
| (૬) | ઈન્દ્રિયો ................ હોય છે. | (૫, ૪, ૩) |
| (૭) | ઘાતિકર્મ ............... હોય છે. | (૩, ૪, ૨) |
| (૮) | શિક્ષાવ્રત ................ હોય છે. | (૪, ૫, ૭) |
| (૯) | ઈન્દ્રિય વિષય ................ હોય છે. | (૨, ૩, ૫) |
| (૧૦) | પરમાગમ ................ હોય છે. | (૫, ૭, ૮) |
| (૧૧) | અણુવ્રત ................ હોય છે. | (૬, ૩, ૫) |
| (૧૨) | પ્રાતિહાર્ય ................ હોય છે. | (૭, ૮, ૪) |
| (૧૩) | શ્રાવકના મૂળગુણ ................ હોય છે. | (૮, ૧૨, ૧૦) |
| (૧૪) | વ્યસન .............. પ્રકારનાં હોય છે. | (૬, ૮, ૭) |
| (૧૫) | મદ ............. પ્રકારનાં હોય છે. | (૮, ૫, ૩) |
| (૧૬) | ગુણવ્રત ................ હોય છે. | (૩, ૪, ૬) |
| (૧૭) | અનુયોગ ............... હોય છે. | (૬, ૭, ૪) |
| (૧૮) | મહાવ્રત ................ હોય છે. | (૯, ૫, ૮) |
| (૧૯) | પરાવર્તન ................ હોય છે. | (૫, ૭, ૩) |
| (૨૦) | ધર્મનાં ............... પ્રકાર હોય છે. | (૧૪, ૧૦, ૧૨) |

## (૭3)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

**નીચે આપેલ વાક્યોમાંથી જે જવાબ સાચા હોય તે આગળ નિશાની ✓ કરવી અને જેના જવાબ ખોટા હોય તેનાં આગળ x કરવી**

(૧) શ્રેણિક રાજાએ યશોધર મુનિના ગળામાં સર્પ નાખ્યો હતો. ( )

(૨) નેમિનાથ ભગવાન અને શ્રીકૃષ્ણ બંને સગા ભાઈ હતા. ( )

(૩) જંબૂસ્વામી પછી ત્રણ કેવળી મોક્ષમાં ગયા. ( )

(૪) રાત્રિભોજન કરવાથી અસંખ્ય જીવોની હિંસા થાય છે. ( )

(૫) રાજુલનો ગિરનાર પર્વતથી મોક્ષ થયેલ છે. ( )

(૬) પાંચ ઉદમ્બર ફળ ખાવાથી ત્રસજીવોની હિંસા થાય છે. ( )

(૭) સોનગઢમાં પ્રવચનમંડપ પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું સ્મારક ભવન છે. ( )

(૮) શાંતિનાથ, કુંથુનાથ, અરહનાથ ત્રણ પદના ધારક તીર્થંકર હતા. ( )

(૯) મોક્ષશાસ્ત્ર(તત્ત્વાર્થસૂત્ર)ના રચયિતા પંડિત ટોડરમલજી હતા. ( )

(૧૦) ચોવીસ તીર્થંકર સમ્મેદશિખરથી મોક્ષે ગયા નથી. ( )

**નીચેના પ્રશ્નોનો જવાબ અ થી શરૂ થશે.**

(૧૧) આકાશ દ્રવ્યનો એક વિશેષ ગુણ ......................

(૧૨) સાત તત્ત્વમાંથી એક તત્ત્વ .......................

(૧૩) આકાશદ્રવ્યનો એક ભેદ .......................

(૧૪) એક પદાર્થનું બીજા પદાર્થમાં ન હોવું ....................

(૧૫) ચાર દર્શનમાંથી એક દર્શન ........................

(૧૬) પાંચ મિથ્યાત્વમાંથી એક મિથ્યાત્વ ..................

(૧૭) છએ દ્રવ્યોનો કાળ ................

(૧૮) ભાવસ્વરૂપ ગુણને ક્યો ગુણ કહે છે....................

(૧૯) આયુકર્મના અભાવમાં પ્રગટ થવાવાળો ગુણ .........................

(૨૦) પારિણામિકભાવના ત્રણ ભેદમાંથી એક ભેદ ........................

# પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન જુલાઈ–૨૦૧૯ના ઉત્તર

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | ૭ | (૫) | ૬ | (૯) | ૩ | (૧૩) | ૬ | (૧૭) | ૩૬ |
| (૨) | ૫ | (૬) | ૧૪ | (૧૦) | ૫ | (૧૪) | ૪ | (૧૮) | ૨૪ |
| (૩) | ૯ | (૭) | ૪૬ | (૧૧) | ૮ | (૧૫) | ૨ | (૧૯) | ૪ |
| (૪) | ૫ | (૮) | ૧૪ | (૧૨) | ૧૨ | (૧૬) | ૬ | (૨૦) | ૨૮ |

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ – ૨૦૧૯ના ઉત્તર

| | ભગવાનનું નામ | ચિન્હ |
|---|---|---|
| (૧) | શ્રી ઋષભદેવ ભગવાન — | બળદ |
| (૨) | શ્રી અજિતનાથ ભગવાન — | હાથી |
| (૩) | શ્રી સંભવનાથ ભગવાન — | ઘોડો |
| (૪) | શ્રી અભિનંદનનાથ ભગવાન— | વાંદરો |
| (૫) | શ્રી સુમતિનાથ ભગવાન — | ચકવો |
| (૬) | શ્રી પદ્મપ્રભ ભગવાન — | પદ્મ |
| (૭) | શ્રી સુપાર્શ્વનાથ ભગવાન — | સ્વસ્તિ |
| (૮) | શ્રી ચંદ્રપ્રભુ ભગવાન — | ચંદ્ર |
| (૯) | શ્રી પુષ્પદંત ભગવાન — | મગર |
| (૧૦) | શ્રી શીતલનાથ ભગવાન — | કલ્પવૃક્ષ |
| (૧૧) | શ્રી શ્રેયાંસનાથ ભગવાન — | ગેંડો |
| (૧૨) | શ્રી વાસુપૂજ્ય ભગવાન — | ભેંસ |

| | ભગવાનનું નામ | ચિન્હ |
|---|---|---|
| (૧૩) | શ્રી વિમલનાથ ભગવાન— | ભૂંડ |
| (૧૪) | શ્રી અનંતનાથ ભગવાન — | શાહૂડી |
| (૧૫) | શ્રી ધર્મનાથ ભગવાન — | વજ્ર |
| (૧૬) | શ્રી શાંતિનાથ ભગવાન — | હરણ |
| (૧૭) | શ્રી કુંથુનાથ ભગવાન — | બકરો |
| (૧૮) | શ્રી અરહનાથ ભગવાન — | મીન |
| (૧૯) | શ્રી મલ્લિનાથ ભગવાન — | કળશ |
| (૨૦) | શ્રી મુનિસુવ્રતનાથ ભગવાન— | કાચબો |
| (૨૧) | શ્રી નમિનાથ ભગવાન — | કમળ |
| (૨૨) | શ્રી નેમિનાથ ભગવાન — | શંખ |
| (૨૩) | શ્રી પાર્શ્વનાથ ભગવાન — | સર્પ |
| (૨૪) | શ્રી મહાવીર ભગવાન — | સિંહ |

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● પ્રશ્ન :—જેના પ્રતાપે જન્મ-મરણ ટળે ને મુક્તિ મળે એવું અપૂર્વ સમ્યગ્દર્શન પાંચમા આરામાં જલ્દી થઈ જાય ?

ઉત્તર :—પાંચમા આરામાં ક્ષણમાં સમ્યગ્દર્શન થાય. પાંચમો આરો આત્માને નડતો નથી. પાંચમા આરાથી આત્મા પાર છે. સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે વીરોના કામ છે. કાયરનું કામ નથી. પાંચમા આરામાં ન થઈ શકે, હમણાં ન થઈ શકે—એમ માનનારા કાયરનું આ કામ નથી. પછી કરીશ, કાલે કરીશ—એવા વાયદા કરનારનું આ કામ નથી. હમણાં કરીશ, આજે જ કરીશ—એવા વીરોનું આ કામ છે. આત્મા આનંદસ્વરૂપ છે. તેની સામું જોવે તેને કાળ—આરો શું નડે ?—શું કરે ? ૩૬૯.

● પ્રશ્ન :—આત્મવસ્તુ અવ્યક્ત છે તો કેમ જણાય ?

ઉત્તર :—વર્તમાન વર્તતી પર્યાય વ્યક્ત છે—પ્રગટ છે. તે પર્યાય ક્યાંથી આવે છે ? કોઈ વસ્તુ છે તેમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તરંગ છે તે પાણીમાંથી આવે છે કે અદ્ધરથી આવે છે ? તેમ પર્યાય છે તે અદ્ધરથી આવતી નથી પણ અંદર વસ્તુ અવ્યક્ત-શક્તિરૂપ છે તેમાંથી આવે છે. વ્યક્ત પર્યાય અવ્યક્ત આત્મશક્તિને પ્રસિદ્ધ કરે છે—બતાવે છે. ૩૭૦.

● પ્રશ્ન :—વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે ?

ઉત્તર :—રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશિક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઈ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટસ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણિક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં—દૃષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે. ૩૭૧.

● પ્રશ્ન :—ગુરુવાણીથી આત્મવસ્તુનો સ્વીકાર કરીએ છીએ છતાં અનુભવ થવામાં શું બાકી રહી જાય છે ?


ઉત્તર :—ગુરુવાણીથી સ્વીકાર કરવો કે વિકલ્પથી સ્વીકાર કરવો તે ખરો સ્વીકાર નથી. પોતાના ભાવથી—પોતાના આત્માથી સ્વીકાર થવો જોઈએ.

કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે અમે કહીએ છીએ તે તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. પોતાથી અંતરથી સાચો નિર્ણય કરે તેને અનુભવ થાય. ૩૭૨.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૧૯
અંક-૧૨ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-8-2019
Posted on 1-8-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org